CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જીવન અર્ઘ્ય

-શિલ્પા શાહ

8·3

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જીવન અર્ઘ્ય

શિલ્પા શાહ

* અર્પણ *

પરમ પૂજ્ય વ્હાલા દીદીને...

તથા

સખ્યભાવમાં વિતાવેલ

પરમ ઉત્કૃષ્ટ પળોને...

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જીવન અર્ધ્ય

© વિમલ પ્રકાશન ટ્રસ્ટ

પ્રથમ આવૃત્તિ, ડીસેમ્બર, ૨૦૦૯

પ્રત : ૫૦૦

મૂલ્ય : રૂા. ૭૦/-

પ્રકાશક અને પ્રાપ્તિ સ્થાન :
વિમલ પ્રકાશન ટ્રસ્ટ
'સંતકૃપા', ૧૦૩, રત્નમ્ ટાવર, ચીફ જસ્ટીસ બંગલો પાછળ,
જજીસ બંગલો રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૫૪.
ટેલીફેકસ : (૦૭૯) ૨૬૮૫ ૪૯૯૧

મુદ્રક :
શાલિભદ્ર ઓફસેટ પ્રિન્ટર્સ
ગંજબજાર, જુના માધુપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : (૦૭૯) ૨૨૧ ૨૧ ૦૨૧

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

* બે બોલ *

ગાંધી - વિનોબા પ્રેરિત સર્વોદયી જીવન-શૈલીને વરેલાં, ભક્ત અને સાત્ત્વિક માતા-પિતા મળવાં તે જીવનવિભુની અપાર કૃપા વગર સંભવિત નથી. જે મને લાધી. એવા સાત્ત્વિક માતા-પિતા મળ્યા કે તેમણે જીવનના મહત્ત્વના વર્ષોમાં સંસ્કારનું સિંચન એવી સહજતાથી કર્યું કે અમને ક્યારેય તેમાં આગ્રહ કે અતિક્રમણ ન લાગ્યાં.

શાળાના અભ્યાસથી માંડીને સ્નાતક - અનુસ્નાતકના અભ્યાસકાળ સુધી તેમનું એવું તો સુંદર માર્ગદર્શન રહ્યું કે યુવાવસ્થાના પ્રશ્નોએ અમને ક્યારેય મૂંઝવ્યા નહીં. તેમાંય મનુષ્ય જીવનનું અંતિમ ધ્યેય - લક્ષ્ય શું છે તેની સમજણ આપીને અમારી આંતરિક ચેતનાને તેમણે પ્રગલ્ભ બનાવી. તેનો ખ્યાલ તો ત્યારે જ આવ્યો જયારે પરમ પૂજ્ય મહારાજશ્રી અમરેન્દ્રવિજયજીના અનુરોધથી પૂજ્ય દીદી પાસે આવીને રહેવાનો અવસર મળ્યો.

જીવનવિભુએ પૂ. દીદીના સાન્નિધ્યમાં રહેવાનો અવસર આપીને આ જીવનને યોગ્ય દિશા આપી. અહીં તો ગુરુકુળ, એક પરિવાર. આશ્રમી જીવન ખરું પણ કશુંયે ખેંચતાણવાળું નહીં. અહીંનું જીવન એટલે નિત્ય, ગંગામાં સ્નાન કરીને પવિત્ર બનેલું, જ્ઞાનાગ્નિમાં તપીને શુદ્ધ બનેલું; સંબંધોની જાગૃત શાળામાં રહીને, ‘જીવનનું પ્રત્યેક કર્મ તે સાધના’ તે મંત્રની સાર્થકતા જીવીને માણવી તે.

પૂ. દીદી પાસે પ્રવાસમાં, યુવાશિબિરોમાં, ધ્યાન-શિબિરોમાં ઘણું ઘણું શીખવાનું મળ્યું. તેમની સાથે રહેતાં, તેમને મળવા આવતા બધાં જ સ્વજનો પાસેથી નવું નવું શીખવા મળ્યું અને મારું જીવન ઘડાતું ગયું. ઘણી ઘણી મર્યાદાઓ છતાં દીદી પ્રેમથી શીખવતા રહ્યાં. શીખવાની ગતિ ધીમી હોય તોય તેઓ એટલી જ ધીરજથી અને પ્રેમથી શીખવે. બસ શીખો, સમજો અને તમારી સમજણને જીવતાં થાઓ તે જ એમનો ઉદ્દેશ્ય. તેના માટે પ્રયત્નશીલ પણ રહેવાય. તેમની પાસે જે હેતુથી આવવાનું બન્યું તેનું ક્યારેય વિસ્મરણ ન થાય તેની તેમના તરફથી પૂરેપૂરી તકેદારી રખાય અને અમને સાવધ પણ કરાય. સાચે જ આવાં કરુણામય, આનંદમય અને પ્રેમાવતાર દીદી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પાસે રહેવાનો અને શીખવાનો અમૂલ્ય અવસર પ્રભુએ આપ્યો એ આ જીવનનું સદ્‌ભાગ્ય છે.

છેલ્લે એટલું જ લખવાનું મન થાય કે માતા-પિતાએ સિંચેલા સંસ્કાર અને પૂ. દીદી પાસેથી મનુષ્ય જીવનને સાર્થક કરવાના મળેલા પાઠ જાગૃતતાથી અને સહજતાથી જીવી જવાય તો ધન્ય ધન્ય થઈ જવાય !!

- શિલ્પા શાહ

શિવકુટી
માઉન્ટ આબૂ-૩૦૭ ૫૦૧.
રાજસ્થાન.

સ્નેહી, શ્રી ઉર્મિલાબહેન,

સવિનય જણાવવાનું કે પૂ. દીદીએ આ કાવ્યનું પુસ્તક જાન્યુઆરી ૨૦૦૯માં વિમલ પ્રકાશન ટ્રસ્ટ મારફત છપાવવાનું સૂચન કર્યું હતું. પરતું આવી પડેલા વિપરિત સંજોગોને કારણે પ્રકાશનનું કામ વિલંબિત થયું.

પૂ. દીદીએ તેમની નાદુરસ્ત તબિયતમાં પણ તમારું નામ યાદીમાં લખાવ્યું અને પુસ્તક તૈયાર થયે મોકલી આપવા જણાવ્યું હતું. તે અત્યારે પુસ્તક તૈયાર થતાં પૂ. દીદીને પ્રણામ સાથે સ્મરણ કરીને તમારી પાસે મોકલાવું છું.

મકર સંક્રાન્તિ 2010
~~ડીસેમ્બર, ૨૦૦૯~~ *- શિલ્પાના નમસ્કાર*
અમદાવાદ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

* યાત્રા મહિયરથી મહિયરની *

"મન માધવ સાથ, તન વિમલ સાથ,
પછી ક્યાં રહ્યો, અહંકારનો સંગાથ !!"

શિલ્પા એટલે મારા મનથી એક યાત્રિકની યાત્રા છે. પોતાના સર્જનથી સર્જનહાર સુધી યાત્રા કરવાની ખેવનાએ તેને પોતાનાં મહિયરથી મહિયર સુધીની યાત્રા કરાવી છે. આ યાત્રા માટે તેની હૃદયસ્થ ભાવનાઓએ તેને પૂ. શ્રી વિમલાતાઈ પાસે પહોંચાડી, અને જાણે તેને સર્જનહાર સુધી પહોંચવા પૂ. તાઈએ આંગળી આપી અને શિલ્પા તાઈમાં સમાઈ ગઈ.

એક મહાશિલ્પકાર સાથે રહેવાનું સદ્ભાગ્ય લઈને જન્મેલી આ શિલ્પાનું શિલ્પ તાઈના હાથે ઘડાઈ રહ્યું છે. કેવી રીતે તે ઘડાતી જાય છે તે તેના જ સર્જનમાં જોવાનો આપણે પ્રયાસ કરીએ.

શિલ્પા પૂ. તાઈને આ પ્રમાણે પ્રણમે છે.

"વિમલ વાડીએ, વિમલ સૌરભ,
વિમલ સૌરભે વિમલ પ્રાણ, વિમલ પ્રાણે જીવન બન્યું ન્યાલ."

શિલ્પાએ પોતાના વિકાસને વિમલ વાડીએ વિકસતું, ઊછરતું, અને ન્યાલ બનતું જીવન વર્ણવ્યું છે અને આ જીવન વિકાસ તે માડીનો પ્રસાદ છે, માડીનો પ્રેમ છે. તે લખતાં તેની લેખિકા થાકતી નથી.

"તારી કૃપાએ માડી જીવ તો શિવ થયો,
માડી તેં તો દેખાડયો મુક્તિનો પંથ, ભાંગી ભ્રમણાની જાળો."

આમ જીવનની પ્રત્યેક પળને શિલ્પાએ પૂ. તાઈ સાથે જોડી દીધી છે. પણ હજી તેને અભરખા છે જીવનની વસંતના. જીવનની વસંત એટલે પ્રભુનાં દર્શનની ઝંખના, સર્જનહાર સુધી પહોંચવાની ક્ષમતા.

"જો થઈ શકે તો થાઉં ફોરમ ફૂલો તણી,
જો બની શકે તો બનું પાંખો પંખી તણી"

ફૂલની ફોરમ થઈને વાસંતી વાયરો બનીને જગતભરમાં વહેવું છે. અને થવાય તો પંખીની પાંખ થઈને આકાશે વિહરવું છે. અને છેવટે પીગળવાની વાત આવે છે. અહંકારની મીણબત્તી બની તેને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પીગળી જવું છે. એટલે જ કહે છે આમ પીગળી સત્વમય તત્ત્વને પામવું છે પણ આ તત્ત્વને પામવું સાવ સહેલું તો નથી જ ને ! તે મૂંઝાય છે, પ્રભુ સુધી પહોંચવાનો અંતરાલ તેને મૂંઝવે છે.

"પ્રભુ તુજ મુજ વચ્ચે આમ ક્યાં સુધી અંતરાલ !!"

અને વળી પાછી તાઈની આંગળી પકડી લે છે. જીવનના અંધારામાં પણ માર્ગ મળી ગયો છે તો હજી "હું ગુમરાહ કેમ?" શિલ્પાની મહેચ્છા "બસ જાવું છે ભવપાર" હવે પ્રભુથી વેગળા નહીં રહેવાય, વિરહાગ્નિમાં જલતા રહેવું અને સમય સાથે વહ્યા કરવું તેને પસંદ નથી. એની તો ઝંખના છે પ્રભુદર્શનની. એની મહેચ્છા છે ભેદી દીવાલોને તોડવાની અને આ મહેચ્છાઓએ જ તેને મોર કેકારવ સંભળાય છે.

ઓ મન મોરલા તને કે'દિ ફૂટી પાંખ
કેવું ઊડવાં લાગ્યો આભ !
ઊંડે નિબિડ અંધકારે, ને બળતા બપોરે,
તારી ઊડને નવ નડે, દિ કે રાત.
તારે ક્યાં ગેહ, તારો ક્યાં નેહ, આ મારું,
આ તારું વાટે ઝાઝેરી ભેદ ?
મન મયુર ચાલ હવે નેડે, પોકારે આતમ રામ."

આમ શિલ્પા પોતાના મનને મયુરના દૃષ્ટાંત સાથે જોડીને આત્મા પરમાત્માના પરમ તત્ત્વને પામવાનો તલસાટ બતાવે છે. અને પછી આ તલસાટ પ્રભુને કહે છે.

"હે પ્રભુ ! આ અધૂરા ઘડાને ક્યાં સુધી અકળાવશો ?
કાં પૂર્ણ કરો, કાં તો ખાલી ખમ્મ !
નથી સહેવાતા આવા હાલ !!"

ક્યારેક શિલ્પા મોજમાં ઉભરી ઊઠે છે. તેને તેની મોજમાંય મોરપીચ્છ અને જમના યાદ આવી જાય છે. ક્યારેક આંસુ, ક્યારેક હાસ્ય, ક્યારેક મોજ પણ આખરે તો તેને પેલા મહાસાગરને માણવાની અભિપ્સા દેખાઈ આવે છે. આવી એક મોજ ભરી કંડિકા માણી લઈએ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મોજીલા વગડામાં, મોજભેર ઘૂમતાં'તાને
કદમ્બની ડાળીઓમાં, મોરપીચ્છ શોધતા'તા.

આવી મોજમજા કાવ્યમાંય મોરપીચ્છ, વૃંદાવન, વાંસળીના સૂર જ સંભળાય છે. તેને મન બેસતા વર્ષમાંય ફટાકડા અને મીઠાઈ નથી. તેના ફટાકડા અને મીઠાઈ જુદી છે તેને પણ માણીએ.

સિંચી સ્નેહનાં વારી, ભરી દઈએ નૂતન વર્ષને મીઠી સૌરભે.
પ્રાર્થી પ્રભુને પાઠવું મુબારકબાદી નવલવર્ષની.

આમ વિષય વૈવિધ્ય ખરું પણ અંતરની દોરી પ્રભુની સાથે જ - જુઓને તે જીવનને કેવી રીતે જાણે છે ?

''મેં વિસ્તાર્યુ તેને, જેની જરાયે જરૂરનો'તી
મેં બગાડ્યું તેને, જે જરાય બગડ્યું નો'તુ''
હૃદયની વાત પણ એવીજ રીતે વહેતી આવે છે.

''હૃદય મારું રાધારાણી - ધબકાર છે કાનો રાજા'' આમ સમગ્ર તથા પોતે આજના વર્તમાનમાં કોઈ અનંતમાં જીવી રહ્યાનો અહેસાસ માણે છે. તેના કાવ્ય સર્જનમાં માત્ર ને માત્ર પ્રભુને પામવાની મસ્તી છે. પ્રભુને પામવાનો તલસાટ છે. જે તેના હૃદયને નીચોવી જાય છે.

''અંતરની ઉઘાડી બારીમાં, આમ ડોકિયું કરીને,
ક્યાં ચાલ્યા ઓ શ્યામ ! કે મળવા તલસે છે મારા પ્રાણ.''

આ કંડિકામાં અંતરની આરઝુ કેવી વ્યક્ત થઈ છે ? પ્રભુને જાણવા છતાં અજાણ્યા છે. એ જાણતાં લખે છે.

''ન જાણુ પ્રભુ સ્વરુપ તારું, તોયે રહે નિત્ય સ્મરણ તારું;
કહેવાય તું સચરાચર વ્યાપી, પણ હું શોધું ચોપાસ''

આમ અજાણી બનીનેય તેની શોધ ચોતરફ ચાલી રહી છે. અને છતાંય તેને તેની આ શોધ માટે વિશ્વાસ છે. સત્સંગનો-વિમલ સત્સંગનો...

''સત્સંગ ગંગા પાવક ગંગા
તેમાં તો અગ્નિની જવાળા, દાહક નહીં પણં પાવક જ્વાળા.''

પૂ. દીદીએજ લખ્યું છે ને ! ''સત્સંગ પ્રાપ્ત થયા પછી વૈરાગ્ય ન જાગે તો સંતોએ આપેલ બોધ વ્યર્થ જાય છે.'' પૂ. દીદીની આ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વાતને તેણે જીવનના ઈષ્ટ બોધ સ્વરૂપે સ્વીકારી છે. શિષ્યા પોતાના હૃદયમાં રહેલા પ્રભુને પામવા, પીછાણવા માટે કાલાં ઘેલાં આ કાવ્યોમા પોતાની આરઝુ રજુ કરે છે. તેને તો, શમણાંની પાંખો પર સવાર થઈને સંગાથ ગોતવો છે.

''રોમેરોમ થયો આલાપ, મચ્યો પ્રલાપ
ઘૂઘવતાં નીર ઘેરાં, બની ગયાં સંગીત''

પૂ. તાઈનો સંગાથ, મીઠું સંગીત બની ગયાનું એટલે કે, હૃદયની ઝંખનાનું, વિરાટનું સંગીત પામવું અને તેનું રોમરોમ આ સંગાથે આવે સર્જનહાર સુધી પહોંચવાનો વિશ્વાસ બતાવે છે.

શિલ્પાનું દરેક સર્જન એક તલસાટ છે, સર્જનહાર સુધી પહોંચવાનો. તેનું દરેક કાવ્ય તેની ભાવના, અને તેના અંતરદર્શન સુધી વાચકને પહોંચાડે છે. તેમાં પ્રાસ હોય કે ન હોય તેમાં છંદ કે ચોપાઈ હોય કે ન હોય પણ દરેક સર્જનમાં તેની સર્જનહાર સુધી પહોંચવાની જે ઝંખના છે, જે અભરખા છે, જે તલસાટ છે તેનેજ વાચકોના હૃદય સુધી પહોંચવાનું છે. ગુજરાતી ભક્તિ સાહિત્યમાં તેનાં કાવ્યો કદાચ તેને મીરાંની મહેંક સુધી પહોંચાડશે, કદાચ નરસિંહના એકતાર અને કરતાલ સાથે જોડાઈ જવા સુધીનું કાઠું કાઢે છે તેવો એક વિશ્વાસ ઉભો થાય છે. સહૃદયી વાચક, પ્રભુ મિલનની રાહ જોતાં કોઈ વાચક શિલ્પાનાં કાવ્યોની આ મહેંક જરૂર માણી શકશે એમ લખવું એ જરાય અતિશયોક્તિ નથી.

શિલ્પાની આ સર્જકતા તેને સર્જનહાર સુધી પહોંચાડે અને આ ચેતના વિમલ સ્વરૂપે તેના જીવનમાં સદા વિકસતી રહે. એજ અભ્યર્થના એજ શુભેચ્છા, એજ પ્રાર્થના.

- *દિનુભાઈ શુકલ*

૯/૭, ગાંધી વસાહત, મહુવા,
જિ. ભાવનગર.
નવેમ્બર, ૨૦૦૮
(મો) ૯૩૭૪૭ ૩૩૭૦૮

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હૃદિયાની વાત

શું કહું આ હૃદિયાની વાત ?
તેણે કંઈ જાદુ લગાવ્યો આજ,
તલસે લઈ મસ્તીને સાથ;
હસે છતાં આંસુઓ સંગાથ.
હૃદિયામાં વેદના અપરંપાર,
પ્રભુના પ્રેમનો સદાય તલસાટ;
રહે નવ હૈયું રાખ્યું હાથ.
કોને કહું આ હૃદિયાની વાત ?

❖❖❖

સંભાવના

ચીરાયે જો વાસનાનો પડદો,
તો આવાસ છે સુવાસનો;
ખીલી ઊઠે જો પુષ્પ પ્રેમનું,
તો ફોરી ઊઠશે સુગંધ જ સુગંધ.
છૂટી જાય જો રાગ અને દ્વેષ,
તો ધોવાઈ જાયે આ મનનો મેલ;
ફાટી જાય આ માયાની કોર,
તો તૂટી જાયે અહંકારની દોર.

❖❖❖

પ્રકાશ્યું અંતર,
તુજ એક શીતળ સ્પર્શે;
હૃદય વીણા ઝંકૃત બની,
તુજ એક પ્રેમ શબ્દે.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છતાં...!

આ અહંકારની ચાલમાં
ચાલું છું દિવસને રાત
નહીં વિસ્તાર છતાં,
વિસ્તાર્યે જાઉં છું;
નહીં અંત છતાં,
દોડ્યે જાઉં છું.
ન પકડીને પણ
પકડાઈ જાઉં છું,
છોડવા મથું છતાં
દોરાઈ જાઉં છું.

❖❖❖

મધુરા બોલ

પાન અપાનની આ જુગલ જોડી,
જાણે છેડે સૂરની સુરાવલિ;
બાજે છે બંસીના મધુરા બોલ,
છેડે પ્રાણની એ તો કોરે કોર;
સ્પંદિત છે, નંદિત છે, મધુરા છે,
ઝંકૃત કરે છે આનંદની છોળે છોળ;
ઝણઝણી ઊઠયા છે હૃદયવીણાના તાર,
આલાપે છે એ તો પ્રેમના બોલ.

❖❖❖

મન મસ્ત બન્યું છે હીરના દોરે,
તન મસ્ત બન્યું છે તેના જોરે,
ખબર નથી તેને ફોગટ છે આ દોર,
ખેંચે તૂટે છતાં ખેંચે, કઈ આશાનો દોર ?

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જીવન ખેલ

ક્યાં સુધી રમવા છે આ ખેલ દુનિયામાં ?
બહુ ખેલ્યા, બહુ ખોયા છતાં ખૂટે ન ખેલ !
ક્યાં સુધી ખેલવા છે ખેલ !
તન ન માને, મન ન લાગે, ગમે નહીં એકેય,
છતાં મારે ખેલવા પડે ખેલ !
કોણ મારું, કોણ પરાયું, કોના માટે આ ખેલ ?
તોયે ખેલવાના ખેલ !!
સંબંધોની રચી મેં માયાજાળ આ ખેલમાં,
પછી કહે નથી ખેલવા ખેલ,
ધન્ય છે તારા આ ખેલના ખેલને,
છોડને જંજાળ આ ખેલની !
ખેલે છતાં નવ ખેલે તે મઝા છે ખેલની,
રમવા છે હંમેશ તારે ખેલ,
મઝા છે સત્ય-પ્રેમના સભર ખેલમાં,
નથી બંધન પછી તે ખેલમાં !
તું હિંચ આનંદના હિલોળે ને જાગૃતિના ખેલમાં,
રાખ અવધાન સતત તારા ખેલમાં.
મસ્ત રહે વ્યસ્ત રહે તારા સુંદર ખેલમાં,
સમજી લે પ્રભુ છે સંગાથ એ ખેલમાં,
હું છું તૈયાર ખેલવા કાજે ખેલને.

❖❖❖

સાંભળીને પરમાત્મની વાત
મસ્ત થયો છે આતમરામ,
આતમ-પરમાત્મની જોડી,
સોહી રહી છે જુગલ જોડી.
તનને ખેંચે મનને ખેંચે,
અસ્તિત્વના તારને ખેંચે.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રશ્નાર્થ

નેણ ઉઘાડી નીરખું ત્યાં તો,
સામો ઊભો પ્રશ્નાર્થ !
અર્ધવિરામ અને અલ્પવિરામનો
ક્યાંથી થયો સંગાથ ?
આશ્ચર્યની આ દુનિયામાંહી
ખોવાઈ જઈશ તો,
ભૂંડા થાશે હાલ,
પૂર્ણતાને પંથે તારે પૂર્ણ બનીને,
ભેદવા છે અંધકાર.

❖❖❖

કાપી લઉં છું પંથ

અમી ભરેલી આંખલડીમાં
ક્યાંથી ઝળક્યાં બુંદ ?
હર્ષ ભરેલા હૃદિયામાંહી
ક્યાંથી ઊઠયો રંજ ?
ખબર નથી કે કઈ દિશામાં
દોડી રહ્યું છે મન ?
સાગરના આ અસીમ સીમાડામાં
ઊઠી રહ્યા છે તરંગ !
વિચારોની લહેર લહેરમાં
વાસનાની છે ગંધ ?
પ્રેમ ભરેલી દુનિયામાંહી
કાપી લઉં છું પંથ !

❖❖❖

મળ્યો છે આ માનવ દેહ,
જાણી લઉં ને માણી લઉં ?

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રભુ પધાર્યા

મારા અંતરમાં કંઈ કંઈ થાય,
હું માંડીને બેઠી છું મીટ,
અંતરમાં આરત અપાર; ..... મારા અતંરમાં
અંતરના આંગણે સ્વામી પધારે,
અત્તરના દીવડા થાય; ..... મારા અતંરમાં
હૈયે છે આતમને મળવાની હોંશ,
આતમ પાસે છતાં હું બેહોશ; ..... મારા અંતરમાં
અહીં સ્નેહના દરિયા લહેરાય,
અહીં પ્રેમનાં પુષ્પો વેરાય; ..... મારા અંતરમાં
સ્વામીના સ્વામીને વંદન હજાર
ત્યાં તો અંતર ન્યોછાવર થાય; ..... મારા અંતરમાં
પ્રભુ પધાર્યા છે આંગણે
અંતરમાં ટાઢક થાય. ..... મારા અંતરમાં

❖❖❖

તલસાટ

સમજાતા નથી મને વેદનાના સૂર,
સંભળાતા નથી મને આતમના સૂર;
ઝંખે છે હૃદય તડપે છે મન,
તરફડે છે કાયાના અંગે અંગ;
પ્રભુના મિલનનો તલસાટ,
ક્યાં છે તેનો વસવાટ ?
મીટ માંડી માંડીને જોયા કરું છું,
પ્રતીક્ષામાં તલસ્યા કરું છું.

❖❖❖

ગમે છે હજી શબ્દોના સેતુ
પછી કયાંથી પકડાય વિહંગનો હેતુ ?

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શુભેચ્છાઓ

શુભેચ્છાઓ શુભેચ્છાઓ,
છે જન્મદિનની શુભેચ્છાઓ.
તારા નૂતન વર્ષની શુભેચ્છાઓ.
છે પ્રાર્થના પ્રભુને,
ભરી દે તુજ જીવનમાં,
શાંતિ અને સંતોષ.
ન હો સંતાપ કદીએ,
ન હો શોક કદીએ,
ભર્યો રહે આનંદ અને ઉલ્લાસ.

❖❖❖

સાદ

પ્રભુ દ્વારેથી સાદ ઊઠે છે,
અંતરથી પોકાર ઊઠે છે,
જાગો જાગો વ્હાલા મિત્ર,
છોડો ભય ને છોડો ચિંતા,
ઊઠો ચાલો કરો પ્રયાણ,
ભલે ભર્યો ચોમેર અંધાર.
માનવતાને હાકલ દઈએ,
ન્યોછાવર કરીએ પ્રાણ,
નાત જાતના ભેદ તજીને,
ચાલી નીકળીએ આજ.
અંધકારને ભેદતાં ભેદતાં,
મળી જશે નક્કી વાટ.

❖❖❖

મેં વિસ્તાર્યું તેને, જેની જરાયે જરૂર નહોતી;
મેં બગાડયું તેને, જે જરાયે બગડ્યું નહોતું.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સૂર વેદનાના

પ્રતિપલ પ્રતીક્ષામાં વહી જાય છે,
કેવી રીતે કહું કે મારા દિવસો કેમ જાય છે ?
અંતરને આંગણે આવી ઊભો છે છતાં,
અશ્રુની ધારા નિરંતર વહી જાય છે,
..... કેવી રીતે કહું કે મારા .....
વહેતી ધારાથી તારાં ચરણો પખાળવાં છે છતાં,
તારાં ચરણો તો વાટ કાપ્યે જાય છે,
..... કેવી રીતે કહું કે મારા
અંતરની વીણા મથે છેડવા મીઠા સૂર છતાં,
વેદનાના સૂર સરી જાય છે,
..... કેવી રીતે કહું કે મારા .....

❖❖❖

દ્વાર પ્રભુને

કરવો છે અનંતનો સાથ,
મળે ન મળે કોઈ સંગાથ.
પહોંચવું છે પ્રભુને દ્વાર,
મળે ન મળે કોઈ માર્ગ.
ચાલવું છે મારે અપાર,
મળે ન મળે કોઈ વાટ.
હૈયા ધારણ છે આજ,
મળે ન મળે તારો હાથ.

❖❖❖

દીપના પ્રકાશમાં નિહાળું છું,
નિરખું શું કંઈ કેટલીયે ક્ષતિને;
આશે વિશ્વાસે અને હર શ્વાસે,
મસ્ત છું વ્યસ્ત છું પ્રેમે દૂર કરવા તેને.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કહ્યું નવ જાય

અંતરની આંખડીમાં આંજણ અંજાયુંને કાંઈ,
ભાવનાનાં આંસુઓ વહ્યાં છે અપાર;
વાત શબ્દોમાં કહી નવ જાય.
નેણલાં બીડાયાં ન બીડાયાં ને કાંઈ,
મોરલીના અનોખા સૂર સંભળાય;
વાત શબ્દોમાં કહી નવ જાય.
પરોઢના હજી અણસાર થયા ને કાંઈ,
કોકિલના મીઠા ટહુકારા થાય;
વાત શબ્દોમાં કહી નવ જાય.
હૈયાના મોરલાને હજી પાંખ્યું ફૂટી ને કાંઈ,
ગગનમાં લાંબી નજરું મંડાય;
વાત શબ્દોમાં કહી નવ જાય.
મનના મરગલાને સમજાવું છું ને કાંઈ,
ઈચ્છાની પાંખે નવ ઊડાય;
વાત શબ્દોમાં કહી નવ જાય.
વરસાદી વાયરાની મીઠી સોડમને કાંઈ,
પ્રભુની પ્રીત્યું છે સદાય;
વાત શબ્દોમાં કહી નવ જાય.

❖❖❖

ભીતરના ભેરુને જોયો,
સ્વામીના સ્વામીને જોયો,
શબ્દોના છેડાને જોયો,
શાંતિનો સળવળાટ જોયો,
આતમનો અણસાસ જોયો,
ચેતનાનો ઝંકાર જોયો,
ભીતરનો ભેરુને જોયો.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આંસુઓની ધાર

હરિયાળી ધરતીને હરિયાળાં છે ખેતર,
છતાં એના અંતરમાં છે આંસુઓની રેલ,
એના એ બાલુડાને કાજ;
તેણે જોડ્યાં છે હળ-બળદ સંગાથ,
ખેડ્યા છે ખેતરો ને,
વાવ્યાં છે બીજ,
છતાં એના અંતરમાં છે આંસુઓની ધાર.
ખબર નથી કે શું થાશે આ મોલના હાલ.
થાશે જો મહેર તો સુધરશે કાજ,
રહ્યો અજાણ તો પેલો લઈ જશે તમામ;
પછી રહી જશે માત્ર બાલુડાના ખાલી હાથ.
એના અંતરમાં છે આંસુઓની ધાર,
હાલ તો ગયું છે ધન કાજે ઘી અને દૂધ,
પછી જાશે તમામે તમામ.
વહેશે નહીં આંસુઓની ધાર.
માત્ર રહેશે લુખ્ખા હાસ્યોની માળ.
એના અંતરમાં છે આંસુઓની ધાર.

❖❖❖

અમી ભરેલી આંખલડીમાં,
સમણાંની છે સેર,
ભાવ ભરેલા હૈયામાંહી,
આશાની છે લ્હેર.
પ્રેમના પાવક સિન્ધુમાંહી,
ઝૂલે છે તારી મ્હેંક,
એ મ્હેંકના અણુ અણુમાં,
મસ્ત છે મારાં નેણ.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હૈયે હામ

હૈયે જો હોય હામ,
તો કરી લે પ્રયાસ,
પછી ભલે ન મળે,
માર્ગ અને વિસ્તાર.
ખેલવા છે જંગ તારે,
ખૂંદવી છે ભોમકા,
શોધવા છે માર્ગ તારે,
ભરવા છે ચોતરા, (ગ્રામસભા).
કરવા છે પ્રયોગ તારે,
નવા અને અવનવા,
ભલે મળે હાર છતાં,
કદી નહીં નિરાશા.
માથે છે છત્ર તારે,
લેશ નહિ ચિંતા,
કરી લે પ્રયાણ આજ,
કાલની શી વાટ ?

❖❖❖

પા પા પગલી માંડું છું ને,
હૈયામાં હરખાઉં છું.
મધુરા બોલ સાંભળું છું ને,
આંખોથી મુસ્કુરાઉં છું.
વાટ મળ્યાનો આનંદ અહીં તો.
પ્રાણોમાં ઉલ્લાસ અહીં તો.
નહીં થાક નહીં સંતાપ અહીં તો.
સદા મસ્તી અને બહાર અહીં તો.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પાવક ગંગા

સત્સંગ ગંગા પાવક ગંગા,
તેમાં તો અગ્નિની જ્વાળા,
દાહક નહીં ને પાવક જવાળા.
ડૂબકી દેતાં શાંતિ લાધે,
સીધે ભવોભવના કાજ.
શબ્દોના સેતુ દ્વારા,
લઈ જાયે શબ્દોથી પાર.
ધસમસતા પ્રવાહ વચ્ચે,
માર્ગ બતાવે સીધો સપાટ.
છૂટે આંટી-ઘૂંટી, ટળે મનનો મેલ,
થાયે સ્વસ્થતા અને શાંતિની રેલ.

❖❖❖

ન કહીને પણ,
ઘણું કહેવાઈ જાય છે.
નહીં શબ્દો છતાં,
ઘણું બોલાઈ જાય છે.
નહીં કારણ છતાં,
સંબંધ બંધાઈ જાય છે.
નહીં ઈચ્છા છતાં,
કંઈક મંગાઈ જાય છે.
નહીં અણસાર છતાં,
રાહ જોવાઈ જાય છે.
પ્રભુ બારણે છતાં,
મીટ મંડાઈ જાય છે.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રકાશ

શ્રદ્ધા કેરો દીવડો મારો,
પ્રકાશ તેનો ન્યારો ન્યારો,
તેમાં પુરાયું સત્સંગનું તેલ,
પ્રેમની તો બની દિવેટ.
ન હોલવી શકે તેને,
પવનની અનેક લહરો,
કે પછી પાણીની સેરો,
પ્રારબ્ધની જો લાગે થપાટ,
તોય ન હાલે તેની જ્યોત,
તેમાંથી નીકળે આશાકિરણ,
દૂર કરે નિરાશાનો અંધકાર.

❖❖❖

સંધ્યા

સંધ્યાના રંગોનું નર્તન,
સૂરજના કિરણોનું નર્તન,
નભોમંડળ માંહી જામ્યું નર્તન,
હસી રહી છે સંધ્યારાણી,
રેલાવી રંગોની રેલી,
વાદળમાં જઈ રંગો ભરાયા,
રંગોના દરિયા લહેરાયા,
ઝૂકી ઝૂકીને ગાયે ચંદ્ર,
જોવા દોડ્યા તારામંડળ,
નહીં હિલોળા શાંત આકાશ,
નરી પ્રસન્નતા નર્યો ઉલ્લાસ.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સત્સંગ ગંગા

સત્સંગ ગંગા પાવક ગંગા,
ટાઢી શીતળ તેની ધારા.
જો ન લાધે તને શીતળતા,
તો શું કરે એ ધારા ?
તેં તારી સંગે ખેલ્યા છે ખેલ,
હવે તને ન ક્યાંયે ચેન.
દોડ અને કરી લે સ્નાન,
ગંગા આવી છે તારે દ્વાર.
થરને ઉખડતાં થાશે વાર,
છતાં લેશ ન ચિંતાને ધાર.
ગંગાનું તો કામ જ એક,
કરવા દૂર ચિંતાને મેલ.
વ્યસ્તતા મહીં પણ તે તો,
ભરી દે નરી પ્રસન્નતાને.
ઉદ્વેગ ટળીને થાયે શાંતિ,
શોક ટળીને થાયે આનંદ.
આવી સત્સંગની સરિતા,
આવી તેની પાવક ધારા.

❖❖❖

હૃદય મારું છે રાધારાણી,
ધબકારા છે કાનો રાજા,
ચિત્ત બન્યું છે બંસરી તેની,
મન બન્યું છે સૂર તેના,
નસ નસમાં વહે છે સૂર,
ઝણઝણે છે રોમેરોમ,
મસ્ત બની છું સૂરે સૂરે,
ડોલી રહી છું બોલે બોલે.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સ્મરણ તારું

ન જાણું પ્રભુ સ્વરૂપ તારું,
તોયે રહે નિત્ય સ્મરણ તારું,
કહેવાય તું તો સચરાચર વ્યાપી,
પણ હું શોધું ચોમેર.
છતાં ન દિસે એકેય દિશામાં
રહે નિત્ય સ્મરણ તારું
સોંપ્યો તને આ હૃદિયાનો તાર
સાચો -ખોટો એ તો તું જાણ
સ્વીકારે કે નવ સ્વીકારે
તોયે રહે નિત્ય સ્મરણ તારું
કહું તને નિત્ય મારા મનની વાત
સાંભળી લે તું ધરીને કાન
તું મને મળે કે ન મળે
તોયે રહે નિત્ય સ્મરણ તારું

❖❖❖

સત્સંગની ગંગા વહી છે,
પહોંચી છે હૃદયને દ્વાર.
હળવેથી ખોલે છે દ્વાર,
મીઠું મંદ હાસ્ય કરીને,
કહે છે પોતાની વાત.
ઠંડી શીતળ પ્રસન્ન ધારા,
ભરી દે છે કાવ્ય માળા.
નિત્ય નવીન સંગીત તેનું,
અજાણ્યે થાય સ્વીકાર તેનો.
જીવન આખાની વાત કરે,
જીવનને સંગીતમાં વણે.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સત્સંગ

લખાયા વિધિના લેખ લલાટે,
તેને તો ભોગવવા મારે.
પ્રભુ ચરણે જીવન સમર્પિત,
લેશ નહીં ચિંતા મારે.
મન થાયે જો ડામાડોળ,
તો સાથે છે પ્રાર્થનાના બોલ.
મળ્યો છે સંતચરણનો સંગ,
મળ્યો છે પ્રેમીજનોનો રંગ,
પ્રેમનો રંગ અને સત્સંગનો સંગ,
બનાવે મને એકદમ નિઃસંગ.

❖❖❖

શું મળશે તને ?

જીગરના આમ ટુકડા કરીને શું મળશે તને ?
પ્રતીક્ષામાં આમ તડપાવીને શું મળશે તને ?
ફોગટ આશા બંધાવીને શું મળશે તને ?
આશાના હિંડોળે ઝુલાવીને શું મળશે તને ?
તું તો નીકળ્યો ભારે પાકો,
તારા ભક્તોને તારી રાહમાં ઝુરાવીને શું મળશે તને ?
આમ નઠારા થઈને ફરવામાં શું મળશે તને ?
તું તો મસ્ત બનીને ફર્યા કરે છે,
તુજ પ્રેમી તો તુજ કાજે તડપ્યા કરે છે,
તારી પ્રેમ સરિતાને વાળી લે ભક્તો ભણી,
હવે ન કર મોડું કરી લે આતમ ગોઠડી.
મને તો ખરે જ નથી સમજાતું કે
આમ અળગા રહીને શું મળશે તને ?

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શ્રદ્ધાનો દીવડો

આશને હિંડોળે હિંચતું,
આવ્યું નવલ વર્ષ.
ચોમેર અંધાર છતાં,
મનમાં કંઈક આશ.
જો થાશે પ્રકાશ,
તો ભાગશે અંધકાર,
ભલે ભ્રષ્ટ સંસાર.
જલે જો દીવડો શ્રદ્ધાનો !
તો ધરીને હૈયે હામ,
માંડી લઈએ ડગ ચાર,
છોને રહ્યું બધું બેફામ.

❖❖❖

પ્રભુ તારી લાલી વિખરાઈને,
ગુલાબના બન્યા ગુલશન.
તારી મીઠી નજરું ઢળીને,
ભળી તેમાં મીઠી સૌરભ.
પવનની ઊઠી લહેરખીને,
ફેલાઈ ચોમેર એ સુવાસ.
મીઠી સૌરભ, મીઠી સુવાસ,
બનાવી ગઈ મને મસ્તાન.

❖❖❖

શુભેચ્છાઓ

એક દ્વારેથી નીકળી,
પહોંચી અનેક દ્વાર.
સભર રહીને સભર બનાવ્યા.
મહેકાવ્યા અંતરના તારેતાર.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સતત

મન મારું મોઝાર સાગરે,
તન બન્યું તેમાં ગુલતાન.
ન ડૂબે કે ન તરે,
બસ સતત સંભારે તને.

❖❖❖

પીળાં પીળાં બબુલનાં ફૂલ,
ફેલાવે મીઠી મંદ સુવાસ.
લાંબા લાંબા કાંટા તેના,
કાંટા વચ્ચે મીઠી ડાળ.
આડે વગડે ઊગી નીકળે,
તોય નકામો કેમ કહેવાય ?
તેમાંથી તો ગુંદર મળે,
દાંતણ મળે બારે માસ.
સુકાયે જો થાયે લાકડું,
તો સીધે ઘણાય કામ.

❖❖❖

ઊઘડે નહીં અંતરની આંખ,
મળે નહીં વીણાના તાર,
નીકળે નહીં સૂરીલા સૂર,
બાજે નહીં મૃદંગના બોલ,
બન્યું બધું આજ બેસૂર,
કેવી રીતે દઉં પ્રભુને કોલ ?

❖❖❖

દીપના પ્રકાશમાં
ઝળહળે અંતર
જલે પ્રેમલ જ્યોત

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઓહ મુક્ત બની ગઈ,
શુદ્ધ બની ગઈ.
તૂટ્યાં પડળ,
અને છૂટ્યા મોહપાશ.
ફૂટી પાંખો;
થયું ઉડાન;
ગઈ નિશા;
થયું પ્રભાત.

❖❖❖

લીલી ભોમકાને વંદન,
હરિયાળા ખેતરોને વંદન,
લળી જતાં વૃક્ષોને વંદન,
કિલ્લોલતાં પંખીને વંદન,
કીડી, કુંજર, કોકિલને વંદન,
સચરાચર વ્યાપી પ્રભુને વંદન.

❖❖❖

ચંચળ મનના ચંચળ ચાળા,
પંપાળવા નથી હવે એનાં ચાળા,
આળ પંપાળની છોડી કેડી,
પામવા મથું છું અગમની કડી.

❖❖❖

ગતિની ગતિમાં ભરી છે સ્થિતિ,
સ્થિતિમાં સ્થિત થવા નજરું મારી ફરી.
ઝંખુ છું એ ક્ષણોને હું ફરી ફરી,
ભરી દે મુજ જીવનગતિમાં સ્થિતિ.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પો ફાટ્યું ને નેણ ઊઘડ્યાં
ત્યાં તો નીરખ્યાં હરિ !
નજરુંથી નજરું મળી
ત્યાં તો આનંદજ્યોતિ જલી

❖❖❖

નિરાધારને આધાર બનાવો,
પ્રકાશને પથ્થર બનાવો;
પછી મચાવો શોરબકોર.
ક્યાં છે પ્રકાશ ? ક્યાં છે આધાર ?

❖❖❖

નેહ નીતરતા નભને પૂછું,
અમી વરસાવતા મેઘને પૂછું,
સ્નેહ ભરેલા હૃદિયાને પૂછું,
જોયો ક્યાંય ઘનશ્યામ ?

❖❖❖

પોતાને બંધનમાં જકડી
કરું સ્વતંત્રતાની વાત,
સ્વતંત્રતાને નામે સ્વચ્છંદને પોષું
ક્યાંથી સુધરે કાજ ?

❖❖❖

આ ક્હાન અને રાધાનું ગાન,
કે પછી શિવ અને શક્તિનું સંધાન !
આ પ્રેમ અને આનંદનું ગાન,
કે પછી સત્ અને ઋતનું સંધાન !

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

માગે છે પણ મળતું નથી,
શોધે છે પણ જડતું નથી;
ન ગમે છતાં છોડતું નથી;
પકડે છે છતાં પકડાતું નથી.

❖❖❖

આ નેહ નીતરતા નેણલા ને
કોકિલ કેરો કંઠ,
પૂછે મને ટહુકાર કરીને
ક્યો છે તારો પંથ ?

❖❖❖

પ્રાણોમાં પ્યાસ છે ને
અંતરમાં આશ છે;
પ્રભુ મિલનમાં નક્કી,
મીઠી સુવાસ છે

❖❖❖

કરવી છે મારે વાત,
શબ્દો ન સૂઝે આજ,
સમજીશ તું મારી
મૂંગી વાત ?

❖❖❖

નેહ નીતરતા નેણલા ને
કોકિલ કેરો કંઠ,
કહે છે ટહુકાર કરીને
પ્રભુ પ્રીતનો પંથ

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રહે બાળ સમી નિખાલસતા સદા,
નીતરે નેહ, વેરાય હાસ્ય સદા,
રોમ રોમમાં નર્યો ઉત્સાહ સદા,
ભરાયે હસ્ત સરળતા, સહજતાથી સદા.

❖❖❖

બંસીના બોલ
જાણે આતમના કોલ
હૈયું ડોલમડોલ.

❖❖❖

સળવળે છે ચેતના
સ્પંદને સ્પંદને
નિસ્પંદ બનીને.

❖❖❖

નભમાંથી બુંદ ટપકતું
પહોંચ્યું હૃદય દ્વાર
અકબંધ

❖❖❖

તડપે છે હૃદય,
ઝંખે છે મન
સમજનો અનુબંધ.

❖❖❖

નજરું ઢળીને નેણ બીડાયાં,
ખુલ્લાં થયાં અંતરનાં પટ.
કીધાં દર્શન, લીધાં આચમન,
ભરી દીધા ખાલી હસ્ત.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હૈયું મળવા ચાહે તો વારશો નહીં;
પગ ચાલવા ચાહે તો રોકશો નહીં.
આતમના સૂર વહે તો અટકાવશો નહીં.

❖❖❖

પ્રભુના પ્રેમનાં પુષ્પો
તે તો રહે સદા બહાર
મૂરઝાવાનું નામ ન જાણે

❖❖❖

આ ભોમકામાં ભર્યો ભર્યો નેહ
તે જોઈને વરસી પડયો મેહ.

❖❖❖

તું અમૂર્ત
છતાં તારું ધ્યાન
આરત અપાર

❖❖❖

હું તો હતી કળી
એક ક્ષણે એવી ખીલી
કે સુગંધથી ભરી ભરી

❖❖❖

રાત્રિના ઘન અંધકાર માંહી,
સંકલ્પ-વિકલ્પની ચાલી ગાડી,
એ ગાડીની હું બની મુસાફર

❖❖❖

જગતની નિઃસારતાને જાણું
છતાં તેમાં મનભરીને રાચું.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નવું પ્રભાત

પાઠવું મુબારકબાદી જન્મદિનની
પ્રાર્થના પ્રભુને તુજ નવલવર્ષની
પ્રભુ પ્રેમનાં પુષ્પો
ભરે તુજ જીવનને,
સદા મીઠી સૌરભે.
મળે પ્રસાદી જન્મદિને
રહે ઉલ્લાસ નવલવર્ષે
કરી પ્રાર્થના શ્વાસો શ્વાસે
ન માગીને મેળવી લઈએ
મળેલી અમૂલ્ય તકને,
જીવી જઈએ પળે પળે.

❖❖❖

સૂર

લહેરાતા ખેતરોમાં
વાલો નાચેને કાંઈ,
વાંસળીના સૂર તેની
સંગે સંગે;
એ વાંસળીના સૂરે
નાચે ઓલો મોરલો;
ગાયે પોપટ મેના ને હોલો.
સુગંધે ભરાઈ પેલી
ઠંડી પવનની સેરો ને
પેલો બાવળિયો કાંઈ
ડોલ્યો ડોલ્યો.

❖❖❖

તને ઝંખું છું.
તને સ્મરું છું.
ને પ્રતીક્ષામાં પ્રતિપલ તડપું છું.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સુકોમળ સ્પર્શ

મુજ અંતરની કેડી ઉપર,
પડવા દે તુજ પગલી,
પડવા દેને ચિહ્નો એનાં,
ને થવા દે લાંબા લિસોટા,
અહંકારની ચાલમાં.
ભટકેલા આ મનડાંને,
તારા એ સુકોમળ
ચરણોનો સ્પર્શ થવા દે,
પડવા દેને પગલી !!

❖❖❖

તુજને ઝંખું

તુજ ચરણે પ્રભુ પ્રાર્થના કરું !
ભર્યું રહે જીવન તુજ સ્મરણ થકી.
હર એક ક્ષણ, પ્રત્યેક શ્વાસ,
બન્યા રહે તત્પર તૈયાર,
લેવાને સતત તારું નામ.
પામીને તુજ પ્રેમ તણાં પુષ્પ,
હૈયું નાચ્યું કરી કિલ્લોલ,
નથી કંઈ ઈચ્છા કે આશ,
બસ તુજ કાજે તુજને ઝંખું,
એ જ અંતર કેરી આશ.

❖❖❖

ખોવાયેલા ખ્વાબોને
સાકાર કરવા મથું છું.
ઝંખું છું, સ્મરું છું,
ને પ્રતિપલ પ્રતીક્ષામાં
તુજ મિલન કાજે તડપું છું.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આ તો બધી ભ્રમણા કેરી જાળ,
હોય હોઠે હાસ્ય, છતાં દિલે સંતાપ.
ન રહી તેને કોઈ આશ - આકાંક્ષા,
ખેલી રહ્યાં પળેપળ જીવન સંગ્રામ.

❖❖❖

હર્યા ભર્યા જગતમાં
ન લાગે મારા પ્રાણ,
કહે પ્રકૃતિને સદાકાળ
ચાલને જઈએ
પ્રકૃતિનાથની પાસ.

❖❖❖

પો ફાટ્યું પ્રકાશનું
ગઈ નિશા અંધકારની
ઊગ્યો સૂર્ય
રેલાયાં કિરણ.

❖❖❖

સદાની ઝંખના,
સદાનો તલસાટ,
સદાની વ્યાકુળતા,
છતાં,
સદાનો ઉલ્લાસ.

❖❖❖

કહાન

તારી મોરલીના નાદ
બનાવે મસ્તાન.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સંગાથ

પ્રભુના નામનો સંગાથ
તો તો સતત
ઉલ્લાસ.

❖❖❖

શું કહું આ હ્રદિયાની વાત ?
નથી દિસતો આરો - ઓવારો,
તોય ચાલું છું દિવસ ને રાત,
લઈ સાથ સ્નેહનું ગાન.

❖❖❖

તુજ પ્રેમથી
પાંગરશે અંતર કળી
તો હસી લઈશ
ઘડી ઘડી.

❖❖❖

શબ્દોની ભરમાર
ગુંચવે વારંવાર
પરંતુ
પલકોની એક મુસ્કાન
કરાવે સહુને હળવાશ.

❖❖❖

મુજ અંતરને આંગણે
વરસ્યો અનરાધારે
આવ્યો અણધાર્યો ને
મન ભરીને મહાલ્યો.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઓ નાથ !
કેમ વિસરું
તુજને આજ !!

❖❖❖

આવે છે કંઈ
કાનુડાની યાદ,
શોધે મારાં નયનો વારંવાર,
ઝંખે છે સદૈવ
મોરલીનાં ગાન.

❖❖❖

લાધો હૈયે શીતળતા
એ જ અંતરની આરાધના

❖❖❖

હૈયાંમાં હેત,
ફોરે ફૂલડાંની મ્હેંક,
ઊઠે મોરલાની ગ્હેંક.

❖❖❖

ઊઠે પ્રેમના તરંગ
ભરે અંતરમાં રંગ
કરે "મુજને" અરંગ

❖❖❖

પ્રભુ પ્રાર્થના
કરે સાંત્વના
એ જ અભ્યર્થના

❖❖❖

લાગ્યો છે રંગ
છે મસ્તીનો રંગ
મારે વાલે દીધો છે સંગ.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઉઘડ્યાં દ્વાર

તુજ નેણમાંથી નેહ વહ્યો, મુજ અંતરના એક ખૂણે.
શ્રદ્ધા કેરો દીપ પ્રગટ્યો
અનરાધાર વહેતી ધારે, ઝંકૃત બન્યા અંતરવીણાના તાર.
પ્રેમસભર આનંદ વ્યવહારે, ઉઘડ્યાં મુજ ઉરનાં દ્વાર.
હૃદય મંદિરમાં ઝાલર વાગી, પોઢ્યાં પંખી જાગ્યાં આજ.
પવિત્ર દિને પ્રણમી લઈને, કરું વંદના સુરભિત ગાને.

❖❖❖

ઓ મુજ હૃદય મંદિરના નાથ,
શીખવ્યા તેં કંઈ સ્વાધીનતાના પાઠ,
ગાયું તેં વેદોનું ગાન,
સમજાવ્યો તેં પંચમહાભૂતોનો રાસ,
થયો શાંત ઉરનો સંગ્રામ,
વધ્યો ઉલ્લાસ થયો પ્રકાશ.

❖❖❖

હરિગાન

અંતરે પ્રગટે જો જ્યોત પ્રેમની
તો ન રહે સંતાપ કોઈ વાતથી.
રામ-રહીમ કેરા વિખવાદથી,
ફેલાયો ચોમેર આતંક અશ્રદ્ધાથી.
થાયે પ્રાર્થના નિત્ય આ હૃદયથી
કરો રક્ષા ભારતની આ આતંકથી
મંદ મંદ વહેતો સમીર સરયુ તટેથી,
અકળાયો-મુંઝાયો છે લોહીની ગંધથી,
વહેતી મૂકી તેણે વાત નિજ દ્વારેથી,
ચાલો મિલાવી હાથ,
પાર ન આવે આમ આક્રોશથી,
મૂકી સંતાપ, કરી પ્રયાસ,
ભરી દઈએ આકાશ,
હરિ - અલ્લાહના ગાનથી.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શાને મુસ્કાન

આ ઘડીભરના અહેસાસ શું કરવા મારે ?
આ પળભરની મુસ્કાન શું કરવી મારે ?
આ દર્દ ભરેલી દુનિયા માંહી, શીદને ડગ ભરવાં મારે ?
રોમ રોમ કંપિત થઈ ઊઠે,
જ્યારે દર્દોની એ ગંધ ઊઠે,
ન નેણે આંસુ વહે,
ન જીભે શબ્દો સરે,
વ્યાપી રહે ચોમેર ઉદાસી,
ઘેરી વળે ઘનઘોર ઉદાસી,
ન સૂઝે પ્રાર્થનાના શબ્દો,
ન સૂઝે ભક્તિનાં ગીતો,
ચઢે મન ચગડોળે છતાં,
ન કાંઈ ઉકેલ સૂઝે.
પ્રભુની આ અકળ લીલા કાજે,
પ્રશ્નોની વણઝાર ઊઠે.
હૃદયમાંથી દર્દ ઊઠે જ્યારે શું કરવી મુસ્કાન મારે ?

❖❖❖

ઓ પ્રભુ !
આ અધૂરા ઘડાને
ક્યાં સુધી છલકાવશો ?
કાં પૂર્ણ કરો
કાં ખાલીખમ્મ !!
નથી સહેવાતા આવા હાલ !!

❖❖❖

તુજ પ્રકાશના પુંજો,
ભરી દે મુજ હૃદયની કુંજો

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મધુરી ચાંદની

ઊગ્યો હતો ચંદ્રમા
રેલાવતો મીઠી ચાંદની,
ફોરી ઊઠી'તી ફોરમ
એ ચાંદનીના આગમને.
પણ ત્યાં તો ....
તોફાની વંટોળ ....
તોડી આશા
વિચ્છિન્ન કરી ફોરમ
ઘેરી વળ્યાં ચાંદનીને
એ ઘનઘોર વાદળ,
ખબર નથી ક્યારે હટશે
એ ઘટા ઘનઘોર ?
કાં વરસે, કાં વહી જાય
તો નીરખું ફરી
એ સ્વચ્છ શીતળ
મધુરી ચાંદની !!

❖❖❖

હરિને ધામ

ત્યજી ભ્રમણાની જાળ,
ચાલવું નિજ સંગાથ,
ભરી હૃદયમાં ઉલ્લાસ,
મારે જાવું હરિને ધામ.
પછી હું અને હરિ
હરિ અને હું
અને પછી
માત્ર હરિ જ હરિ.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રેમની મ્હેંક / સ્નેહભર્યા દિલડાં

મ્હેંકે છે મ્હેંક જ્યાં પ્રેમની રે,
સ્નેહભર્યા, સંતોના મીઠાં મીઠાં દિલડાં.
એ સ્નેહની શી કરવી વાત રે,
સ્નેહભર્યા સંતોના, મીઠાં મીઠાં દિલડાં.
શીખવે છે માનવતાના પાઠ રે ... સ્નેહભર્યા
મનડાંની પરે લઈ જાય રે ... સ્નેહભર્યા
સામે જુએ ને બોધ નીપજે રે ... સ્નેહભર્યા
ચાલવું છે બોધને સંગાથે રે ... સ્નેહભર્યા
બોધ થયો ને ગર્વ ગળીયો રે ... સ્નેહભર્યા
થાય હવે પ્રીતિ નિજ સાથ રે ... સ્નેહભર્યા
સંતના સહવાસે કર્યા ન્યાલ રે ... સ્નેહભર્યા
કરી દીધી આતમ ઓળખાણ રે ... સ્નેહભર્યા

❖❖❖

ભવપાર

વિરહાગ્નિમાં જલ્યા કરું છું;
આવાગમનમાં ભમ્યા કરું છું;
મનની તાણમાં જીવ્યા કરું છું;
સમય સાથે વહ્યા કરું છું.
નથી સહેવાતો હવે કાલનો બાધ
ક્યારે ભેદાશે આ ભેદી દીવાલ ??
નથી કોઈ ઈચ્છા - મહેચ્છા
બસ થાવું છે ભવપાર
બસ જાવું છે ભવપાર.

❖❖❖

નૂતન વર્ષે,
નૂતનને નૂતન બનાવવા કાજે,
આપણે તો
ડગ માંડવા આજે.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મોરલો

અંતરના આંગણે આવ્યો આજ મોરલો,
હસતો'તો, નાચતો'તો, ગીત ગાતો'તો મોરલો.
પ્રભુ સ્નેહના - મિલનના ગીત ગાતો તો મોરલો,
અંતરની આંખડીમાં આંખો પરોવીને કાંઈ,
અણદીઠી ભોમકાની વાત કરતો'તો મોરલો.
આવીને પાસ,
કાનમાં કે' છે વાત;
વૃત્તિને છોડ, સ્મૃતિને છોડ,
તારા બંધનની ગઠરી છોડ.
અંતરના આંગણામાં મોતી વેરાય, ચણતો'તો મોરલો
નાચતો'તો, કુદતો'તો, ગીત ગાતો'તો મોરલો
મુજને મુજથી દૂર ખેંચીને,
કંઈક કહેતો'તો મોરલો,
નેણ બીડીને, મુજને
કંઈક નીરખવાં કહેતો'તો મોરલો
બીડ્યાં નેણ,
ત્યાં તો જોયો કંઈ ખેલ,
ન સમજાઈ કાંઈ એ હેતની રેલ,
મંદ - મીઠું હસતો'તો, ગીત ગાતો'તો મોરલો
આંખે વહી અશ્રુની ધાર,
હૃદયે વધ્યો તલસાટ,
ઘડીભર આવ્યો કંઈક કરી ગયો એ મોરલો.
અંતરના આંગણે આવ્યો આજ મોરલો
હસતો'તા, નાચતો'તો, ગીત ગાતો'તો મોરલો.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ગુમરાહ

પ્રભુ ! તુજ-મુજ વચ્ચે
આમ ક્યાં સુધી અંતરાલ ?
ક્યાં સુધી ભમવું આમ ?
ઘેરે નિબિડ અંધકાર,
મળ્યો માર્ગ છતાં
હું કેમ ગુમરાહ ?
ઊઠે પ્રશ્નોની વણઝાર
નવ રહે હૈયું હાથ,
ऐ मेरे मालिक
कर दे बेडा पार ।।

❖❖❖

હિના જેવું - મહેકતું,
દીપ સમું પ્રકાશતું,
ભ્રમર જ્યમ ગુંજતું,
મયુર જ્યમ ટહુકતું,
નદી જેવું વહેતું,
ફૂલડાં સમું ફોરતું,
કોકિલ જેવું ટહુકતું,
વહે જીવનનું ઝરણું,
તેવું હરિને પ્રાર્થવું.

❖❖❖

ન રહે ઈચ્છા / આકાંક્ષા,
ન રહે વાસના / તૃષ્ણા,
રહે સદા સહજતા / સરળતા,
સમતા / સ્વસ્થતા,
એ જ નવલ વર્ષે પ્રાર્થના.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરુણા સ્રોત

ગગનથી યે વિશાળ છો,
ગહન, અતલ, અસીમ,
આભથીયે સવિશેષ છો.
ઉર્વીની ઉર્વરાને વળી,
ધરિત્રીને ધારનારા છો.
સૂર્ય શશીને પ્રકાશો છો,
તમે તો પ્રકાશના અંબાર છો.
અનિલથીયે હળવા ! હલકા,
જળથી યે શીતળ વળી,
પહાડથીયે અચલ અડોલ,
વહાવો છો કરુણાનો સ્રોત.

❖❖❖

જીવનનૈયા

સંબંધોના ઉછળે મોજાં
કોઈ નાનાં, કોઈ મોટાં
એક ઝપાટે અંદર ખેંચે
બીજે ઝપાટે દૂર જ ફેંકે
અંદર-બહાર એમ
સતત - નિરંતર
જીવનનૈયા ચાલે હરપળ.

❖❖❖

ઘનશ્યામ

ઘનઘેરી વાદળીમાં ઘનશ્યામ છુપાયે,
મને પ્રશ્ન થાયે વારેવારે,
જોયા કરું આકાશે એક નજરે,
હમણાં આવશે ? મુરલી બજાવશે ?
સામે જોશે ? મંદ મીઠું હસશે ?
ને પાછો લપાઈ જાશે ?

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ફોરમ

જો થઈ શકું તો થાઉં,
ફોરમ ફુલો તણી.
જો બની શકું તો બનું,
પાંખો પંખી તણી.
જો પીગળી શકાય તો પીગળું,
બની મીણબત્તી અહંકાર તણી.
જો પ્રકાશી શકું તો પ્રકાશું,
બની વાટ દીપ તણી,
જો ફેલાવી શકું તો ફેલાવું
સોડમ આતમરામની
પણ પહેલા કરી લઉં
ઓળખ સ્વતણી, આતમરામની

❖❖❖

જીવન કેડીએ ચાલતાં
રંગો રેલાવતાં
ચાલો,
નૂતન વર્ષને બનાવીએ
સભર

❖❖❖

જીવન ઝરમર

ઝર ઝર વહેતાં ઝરણાં સરખી,
ફર ફર ઊડતાં પંખી સરખી,
કલ કલ વહેતાં નીર સરખી,
ઝગમગ કરતા દીપ સરખી,
મંદ મંદ વહેતા અનિલ સરખી,
સહેજે ફોરતા ફૂલ સરખી,
વહી રહે અમ જીવન ઝરમર.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઝરણું

કલ કલ વહેતું ઝરણું,
કાનમાં કંઈક કહેતું,
સાંભળવા જાઉં તો,
ન સંભળાતું,
તોય મીઠા એ,
શબ્દોની પેલે પાર,
ખેંચી જાતું.

❖❖❖

ઊઠી ઉપર સંસારની વિટંબણાઓથી,
પ્રાર્થું પ્રભુને ઉર તણા સ્નેહથી,
લળી લળી પ્રણમી રહું.
આ દેહના એક એક રોમથી,
સતત સ્નાતી રહું,
તુજ પ્રેમ તણા વારિથી.

❖❖❖

હતું કે જઈશ દૂર સુદૂર,
જ્યાં હોય નહીં મંજિલ કે કિનારો,
ક્ષિતિજનીયે પેલે પાર
આભથીયે પાર ....
પણ આ તો ....
સાવ માટી કેરા પગ !!

❖❖❖

અત્તરની સુગંધથી
મ્હેંકે જયમ પૂમડું
મ્હેંકે ત્યમ પ્રેમથી
આ દિલડું

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મુક્તિની વાત કહી,
આનંદની ધાર વહી,
કાનમાં ભનક પડી.

❖❖❖

કરું છું પ્રાર્થના,
પ્રભુ ચરણે,
ભરી દે હૈયાં / મંદિરિયાં
સ્નેહ તણા વારિએ.

❖❖❖

વીતી ક્ષણો
ગઈ પળો
આવ્યું નૂતન વર્ષ
પાઠવી શુભેચ્છાઓ
અંતરે આનંદ.

❖❖❖

પ્રાર્થી પ્રભુને
પાઠવું મુબારકબાદી
નવલ વર્ષની.

❖❖❖

બની રહે
નવું વર્ષ
આનંદિત ઉલ્લાસિત
સભર સભર.
(એવી અંતરની આશ)

❖❖❖

સીંચી સ્નેહનાં વારિ
ભરી દઈએ
નૂતન વર્ષને
મીઠી સૌરભે.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હે પ્રભુ !
નૂતન વર્ષે
સ્નેહ તણાં સીંચજે અમી,
એ જ હૃદયની અભ્યર્થના.

❖❖❖

દીપ પ્રકાશે
જલાવે પ્રેમલ જ્યોત.
ફેલાવે પ્રકાશ,
વહાવે ઉલ્લાસ,
ઝળહળાવે
અંતર આકાશ.

❖❖❖

હોય હોઠે સ્મિત સદા
ને હૈયે હોય પ્રીત
બસ નૂતન વર્ષે
એ જ અભ્યર્થના.

❖❖❖

પ્રેમ રંગે રંગાયેલું જીવન
નૂતન વર્ષે
રહે, કરે સૌને
આનંદિત - ઉલ્લાસિત.

❖❖❖

ભૂલીને
ભૂલોનો ભાર
નવલ વર્ષે ચાલો
કરીએ, નૂતન પ્રયાણ

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શિખરેથી સાદ આવે,
પોકારે મુને એક શ્વાસે.
કહે આવ મારી પાસે,
મૂકી ઈચ્છાનો સાથ,
ને વાસનાનો સંગાથ;
તો દેખાય દેવ તણો આવાસ.

❖❖❖

તુજ ગતિમાં ગીત,
તુજ સ્થિતિમાં સંગીત,
ભર્યું બ્રહ્માંડ,
ગીતે - સંગીતે
તાલે લયે છંદે.

❖❖❖

ટહુકન્તો મોરલો ને,
ચમકન્તી વીજળી,
ફરકન્તો વાયરો ને,
મલકન્તી પોયણી,
નીતરતા નેહમાં,
છલકન્તી આંખડી ને,
ટળવળતા પ્રાણ મારા,
ઊડવાને આભમાં.

❖❖❖

તુજ ગતિએ દોડવું મારે,
તુજ સ્થિતિએ સ્થિત થાવું મારે
તુજ બ્રહ્માંડમાં ભમીને હવે,
તુજ તાલે એકતાલ થાવું મારે,
નિઃશબ્દ બનીને, નિઃસ્પંદ બનીને,
તુજ નિઃસ્પૃહાનું ગાન ગાવું મારે.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ગહન ગુફામાંથી
ઘેરો સાદ સંભળાય મુને
કે
આતમનાં મૂલ
શીદને ભૂલાય તૂને ?

❖❖❖

હે નાથ !!
ગગન સાથે ગેલ કરતા,
અવનિને ઉજાળતા,
નિજ કિરણો પ્રસારતા,
તમે તો રંગે ચઢ્યા.

❖❖❖

મસ્ત બનીને ડોલતું ફૂલ
શું જાણે તે શોક અને રંજ ?
દુઃખ અને સુખ ?
બસ તેને તો ફોરવું ગમે,
તેને તો ડોલવું ગમે
સુગંધે વહેવું ગમે.

❖❖❖

ગૂંચવાવું
મૂંઝાવું
અથડાવું
અકળાવું
પછડાવું
આખર ક્યાં સુધી ??

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભેદીને ભ્રમણાની જાળ
ક્યારે થાશે
મુક્તતાનું ગાન ??

❖❖❖

દિલ નો દોર દીધો
પછી પ્રાર્થનાનો સંગ કીધો
ત્યારે પ્રેમનો પ્રકાશ દીઠો
હવે હૈયે ભર્યો ઉલ્લાસ મીઠો

❖❖❖

અમાસની અંધારી રાતે
નભમાંથી અમૃત ટપકે
મીઠી મીઠી સોડમ સાથે
ભ્રમરનું મંદ ગાન ગુંજે.

❖❖❖

ઊભીને મધદરિયે
શોધું છું કિનારાને,
ઝંખુ છું, પાર ઉતરવાને.

❖❖❖

નથી ગીત,
નથી સંગીત,
તોય હૃદય પુલકિત્ત !!

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

१९९३

ઝંખના

અંતરની ઊઘાડી બારીમાં
આમ ડોકિયું કરીને,
ક્યાં ચાલ્યા ઓ શ્યામ,
કે મળવા તલસે છે મારા પ્રાણ.
જમનાના નીર ઘેલા,
ઘેલા કાલિંદીના ઘાટ,
કે નયણા જુએ છે તારી વાટ.
વિહંગનાં ગાન સુણ્યાં,
સુણ્યાં ભ્રમરનાં ગીત,
કે નવ સુણ્યા મોરલીના નાદ.
કે ઝંખે છે,
તલસે છે પ્રાણ,
સુણવાને સાદ.

❖❖❖

સવારી સ્વામીની

જીવન ઝરુખામાં ઊભીને,
થાયે ઝાંખી મારી મુજને.
હર્ષ-શોકનાં ઊઠતાં મોજાં,
ગ્લાનીનાં વાદળ ઘેરાતાં,
અહંકારના અનેક ફુંફાડા,
મન મહારાજના રોફ નિરાળા.
સ્વામીની જો નીકળે સવારી,
થાયે ઝળાંહળાં ને પથરાયે શાંતિ.

❖❖❖

જો બની શકું તો બનું
આ ઈન્દ્રિયોની દીવાદાંડી.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નિર્લેપ

નિજ કર્મો કરતાં કરતાં;
નિર્લેપ થાવું મારે.
સંબંધોની માળા ગુંથતાં ગુંથતાં;
નિર્ગ્રંથ થાવું મારે.
ન આ પાર કે ન પેલે પાર,
તુજ સંગે ચાલવું મારે.
શબ્દોની દુનિયામાં રહીને,
નિઃશબ્દ થાવું મારે.

❖❖❖

ગિરધારી

શબ્દ સ્વરૂપે આવી મળીયા,
શામળિયા ગિરધારી.
આવો હવે હૃદય મંદિરને દ્વાર,
શામળિયા ગિરધારી.
તલસે છે પ્રાણ મળવાને નાથ,
નિત ગાવાં તારાં ગાન,
શામળિયા ગિરધારી.
ૐ સ્વરૂપે વ્યાપી રહ્યા છો
શામળિયા ગિરધારી.
સચરાચર વાસી નાથ,
શામળિયા ગિરધારી.
શબ્દ મહીં તો અટવાયા પ્રાણ
હું - તું, તારું-મારામાં;
લપટાયા હાથ;
શામળિયા ગિરધારી.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મુમુક્ષુ

ચાલો મારા બાંધવા,
ચાલો મારા બાંધવા,
ઊડે છે તેજ ફુવારા,
ગુંજે છે નાદ ગભીરા ... ચાલો મારા
તું છે મુમુક્ષુ,
તારે શી ચિંતા !
વિઘ્નોને તું વિઘ્નો,
ક્યારેય ન જાણજે,
હોય અંધારી રાત કે,
હોય ગુલાબી ચાંદની ... ચાલો મારા
સમતા સમજણનો
દીવડો તું થાજે,
સાથે જીવનારને
ક્યારેય ન નીંદજે,
ઝેરના ઘુંટડા ને
ઝેર કદી ન જાણજે ... ચાલો મારા
ગમતું - અણગમતું
તારે ન હોય,
તું છે પથિક,
ભલે મારગ ભૂલામણા,
નવી કેડી છે,
સાદ નવો છે
ચાલ્યે જા બાંધવા,
ચાલ્યે જા બાંધવા ... ચાલો મારા

❖❖❖

અખિલાઈના ઊંબરે ઊભીને,
નિહાળું નિઃસંગતાના સાગરને,
ઝંપલાવીને તેમાં, પામું શૂન્યતાને.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રતિબિંબ

મારા અસ્તિત્વના અરીસામાં,
પડે છે પ્રતિબિંબ તારું
અને
મારો રુહ સળવળી ઊઠયો.
બેતાઝ બેખબર બનીને,
'હું-પણું' નિઃશબ્દ બની રહ્યું
અને
અંતર નિનાદિત બન્યું.

❖❖❖

ક્યારે ?

મારી અખિલાઈને આલિંગતા નાથ,
તમે ક્યારે આવ્યા દ્વાર ?
હું તો જોતી'તી વાટ
વળી ભૂલીને ભાન,
મારા રોમ રોમમાં વ્યાપી ગયા નાથ,
તમે ક્યારે આવ્યા દ્વાર ?
'હું'-'તું' ને અળગા જાણ્યા નાથ,
તમે તો પાયું પ્રતીતિનું પરિમલ આજ,
તમે ક્યારે આવ્યા દ્વાર ?
ઓ નાથ ! પુકારે હર શ્વાસ,
તમે આવી બેઠા છો દ્વાર,
ત્યારે પૂછું સવાલ,
તમે ક્યારે આવ્યા દ્વાર ?

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નિસર્ગ

ગુંજન કરતી ગ્રીષ્મ ચાલી,
ગાજ્યો મેઘ આષાઢ.
શરદ-શિશિરના વાયરા વાયા,
આવ્યો હેમંત દ્વાર.
પાનખરે તો પલ્લવ વેર્યાં,
આવી વસંત બહાર

❖❖❖

લાધી લ્હાણ

પંડનું પોલાણ પૂર્યું,
તેં તો આયખું અજવાળી દીધું.
નીકળી'તી ગોતવાને,
આતમને બા'ર,
દીધો દેખાડી તેં તો પંડની માંહ્ય.
અનંત ઉપકારે તારા
લાધી ભવોભવની લ્હાણ,
તેં તો આયખું અજવાળી દીધું.

❖❖❖

શિલ્પી

શિલ્પનો શિલ્પકાર
એની શું કરું હું વાત ??
લઈ હસ્ત માંહી ...
સુવર્ણ હથોડી,
પારસ પેંગડું ને
તામ્રવર્ણ ટાંકણ,
કંડારે તે કાંઈ
શિલ્પ અપાર.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રામ રમકડું

જળ બનીને વહ્યા કરું,
માટી બનીને મહેકું,
વિહંગ બનીને વિહરું,
હું તો રામ-રમકડું બની નાચું.
તું મુજમાં, હું તુજમાં,
એ ભાને સભાન બનીને,
મસ્ત બનીને મ્હાલું,
હું તો રામ-રમકડું બની નાચું.
વીણા બની ઝણઝણું,
બાંસુરીના સૂર બનીને બાજુ,
પિંડે સો બ્રહ્માંડે,
એમ નાદ ઊઠયો, અંતરાલે,
હું તો રામ-રમકડું બની નાચું.

❖❖❖

અજવાળો આયખું

આ આયખું અજવાળો નાથ !
કે સીંચો એમાં સ્નેહના વારિ.
ઓ નાથ !
રહેવું હર શ્વાસે તુજ સંગાથ
કે ભ્રમણાજાળ રચાવે શીદને
ઓ નાથ !
ઈચ્છા-અનિચ્છાને ન હોય આરો,
ઓ નાથ !
કે ક્યાં સુધી નાચવું મારે
એની સંગાથ ?
આ આયખું અજવાળો
ઓ નાથ !

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સંગાથ

ભક્તિ કેરું આસન કર્યું,
શ્રદ્ધા કેરું સુકાન.
જ્ઞાનના સાગરમાં વહે,
મારી કાયા કેરી નાવ.
પહોંચી મઝધારે,
ત્યારે આવ્યા નાથ,
દેવા સાથ.
ખવરાવી ડૂબકી સાગર માંહ્ય,
પુલક્તિ બન્યા પ્રાણ.
નાચી રહ્યા હરિ સંગાથ
થોડી વારે બાહર લાવી,
પૂછે મને,
શા છે તારા હાલ ?
બેહાલને હાલનું શું ભાન ?
પકડી તારો હાથ ...!

❖❖❖

એકત્વ

માટી કેરો પિંડ જો
ચઢે કુંભાર ચાકડે !
ટીપે - ટપારે પછી,
બને આકાર-પ્રકાર અનેક.
આ દેહરૂપી પિંડ જો
ચઢે સંત ચાકડે !
સ્થિર કરે એકમાં
અને આરાધી રહે એકત્વને.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અ-મન

તારા શબ્દોનું ગુંજન
આ કાનની માંહ્ય,
છતાં કાં ભ્રમિત થવાય ?
ન સંયમ વાણી માંહ્ય,
ન કાબૂ મન પર હોય.
દોડે મન લઈ વાણીનો સાથ,
પછી સર્જે અનર્થોની ઘટમાળ.
સવાલ થાયે ત્યારે ....
ક્યાં ગયો સંત-સંગનો રંગ ?
ક્યાં ગયું શ્રવણ કેરું નીર ?
ક્યાં ગયા સમજણના સૂર ?
ક્યાં ગઈ આતમ સૂઝ ?
પછી વહે, આંસુ અપાર
પછી ગઈ બાજી હાથથી,
હવે આંસુનું શું કામ !!
પ્રભુ વિનવું તુજને
વારંવાર,
કાઢ મને તું,
અહંકારની કેદ બહાર.
નથી સહેવાતા મનના
આ ચેન-ચાળા
મારે થાવું અ-મન આજ;
પહોંચવું હવે ઉન્મનીને દ્વાર

❖❖❖

અર્થોની ગહન ગુફામાંથી
નીતરતું શબ્દોનું નીર.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કેદ 'હું' ની

ક્યાં સુધી પુરાઈ રહેવું મારે
આ 'હું' ની કેદમાં ?
કે આતમ ઝંખે છે ઊડવાને આભમાં
મળ્યો મનખા અવતાર એ તો
પામવા આતમ અણસાર,
શીદને ગુમાવું હું આ કાળ ?

❖❖❖

કૂંચી

જીવનના અણુ-રેણુમાં વ્યાપ્યા નાથ !
શીદને તું અકળાય.
ચીંધ્યો તેહો અગમનો ઓવારો નાથ !
શીદને તું મુંઝાય ?
જ્ઞાન તણી સરિતા વહેવરાવી નાથ !
શીદને તું ખચકાય ?
માનવ બનવાની કૂંચી દીધી હાથ !
શીદને ડગ પાછા થાય ?
ચાલ્યો જા પથિક બની પંથનો નાથ !
શીદને ઝંખે વિસામા આજ ?

❖❖❖

ગહન ગુફા
અર્થો તણી
ત્યાં શબ્દોને નહીં
સ્થાન.

❖❖❖

શબ્દ પલ્લવ
ધર્યા પાલવે,
પાલવ
પુલક્તિ બન્યો.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ક્યાં દીઠો ?

ઓહ ! તને .....
મોરલાની ગહેકમાં દીઠો,
ગાયોની આંખમાં દીઠો,
પંખીની પાંખમાં દીઠો,
વનની કુંજ કુંજમાં દીઠો,
ફૂલોની ફોરમમાં દીઠો,
માનવી માનવીના સ્નેહમાં દીઠો,
સંબંધોની સૌરભમાં દીઠો,
આકાશને આલીંગતો દીઠો,
વાહ રે ...
તું તો ક્યાં ક્યાં જઈ બેઠો !!

❖❖❖

મન છોડી ઈન્દ્રિયનો સાથ
ગયું તે તો બુદ્ધિને દ્વાર,
'કહે,' નાથ ! આવ્યો તવ દ્વાર
ગ્રહોજી હાથ, લઈ ચાલો,
હવે નિજ ધામ.

❖❖❖

ગહન ગુફા કેરું જ્ઞાન
સુણ્યું મેં નિજ કાનોથી આજ,
ગ્રહું જો અર્થ સંગાથ,
તો થાશે બેડો પાર.

❖❖❖

તુજને વંદુ;
તુજને સ્મરું
મારે તારો છે સંગાથ.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આશ ભરી, અરમાન ભરી,
આ જૂઠા તનમાં પ્યાસ ભરી,
નયનો નચાવતા, મુખડું મલકાવતા
શીદ મુજને બાવરી કરી ?
અધરોમાં ગીત ભરી,
જીવનમાં સંગીત ભરી,
મુરલી બજાવતા, હૈડું હરખાવતા
શીદને 'આજ' રંગે ભરી ?
મનડામાં મ્હેંક ભરી,
રૂદિયામાં હેત ભરી,
માનવીના દાસ બની,
પ્રેમ પ્યાલી પીવડાવતા,
હરખે નચાવતા,
શીદ મુક્તિની ભેટ ધરી ?

❖❖❖

હૈયાના વૃન્દાવનમાં તમે
આવી રમ્યા છો રાસ,
કે હવે આકરી લાગે છે આજ.

❖❖❖

ઓ મુજ અંતરના દેવ !
અંતર ચાહે .....
તુજ ચરણ ચૂમવાને !!

❖❖❖

મેં તો જાણ્યા
વ્યક્તિ રૂપે,
તમે તો વ્યાપ્યા
સૃષ્ટિ રૂપે.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કાંઈક કરીને

તે દિ' તમે આવ્યા'તા ને
વાત વાતમાં કાંઈક કરી ગ્યા'તા,
હૈયામાં હેત રેડીને ગ્યા'તા,
ને અંતરની કોરને ભીંજવી ગ્યા'તા,
કે વાત વાતમાં કાંઈક કરીને ગ્યા'તા.
પાનખરના પલ્લવ વેરીને ગ્યા'તા,
ને તમે વસંત-બહાર મૂકી ગ્યા'તા,
કે વાત વાતમાં કાંઈક કરીને ગ્યા'તા.
હૈયામાં હિલોળા હતા ને,
આંખ્યોમાં આંસુ
ત્યારે તમે આતમ અણસાર મેલી ગ્યા'તા,
કે વાત વાતમાં કાંઈક કરીને ગ્યા'તા.

❖❖❖

શમણાં

શમણાની સેજ પર સૂતી'તી ને
હું તો બોર બોર આંસુડા લોતી'તી.
નીંદરમાં ને નીંદરમાં કાંઈક ગોતતી'તી ને
હું તો બંધ આંખ્યુથી કાંઈક જોતી'તી.
તરંગ બનીને જલ પર તરતી'તી ને
હું તો આશના હિંડોળે હિંચતી'તી.
શમણાની સેજ પર સૂતી'તી ને
હું તો બોર બોર આંસુડા લોતી'તી

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મન મોરલો

ઓ મન મોરલા
તને કે'દિ ફૂટી પાંખ
કેતું ઉડવા લાગ્યો આભ !!
ઊંડે નિબિડ અંધકારે,
અને બળતા બપોરે,
કે તારી ઊડને નવ નડે,
'દિ કે રાત ... ઓ મન મોરલા.'
તારે ક્યાં ગેહ
અને તારે ક્યાં નેહ
આ મારું, આ તારું
તારે ઝાઝેરા રે ભેદ,
કે તારે વાત્યું અનેક ... ઓ મન મોરલા
ફેલાવી પાંખ
જાયે ઉડવાને આભ,
પણ કાયા કેરો ભાર,
તોય ઉધામા અપાર,
અથડાયે, કુટાયે, પછડાયે
તોય ન છોડે એકેય ચાલ.
ઓ મન મોરલા
ચાલ હવે નેડે
કે હૈયૈ નહીં હવે હામ
કે તને પોકારે આતમરામ.

❖❖❖

મુક્તક

તુજ નયનોથી
નિતરતો નેહ નિરખ્યો
ને હૈયું હરખાયું.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તું આવ

તું આવ, અહીં, ખુલ્લા છે કમાડ,
પ્રગટ્યો છે દીપ અને થયો છે ઝણકાર,
લાધ્યો છે સુઅવસર અને આનંદ અપાર
તું આવ ...
તું આવ અહીં નિત્ય વૃંદાવન અને વૈકુંઠ ધામ
અહીં તેજ ફુવાર અને સુગંધ અપાર ...
તું આવ ...
અંતર આરાધે તને અને હૈયું પોકારે,
આવ જલદી હવે, તને શીદને થાયે વાર
તું આવ ...
આવીને જો તો ખરો, તારી પ્રેમભૂમિને,
અહીં ભક્તિ કેરાં ગીત, અહીં પ્રેમનું સંગીત,
તું આવ ...

❖❖❖

મિલનગાન

દેહ મંદિરમાં
દીપ પ્રગટ્યાને,
પ્રકાશપુંજ પથરાયા.
ઊડયા સુગંધ ફુવાર,
ઊઠયા ગહન ગભીરા નાદ,
વહી સૂર સરિતા,
સાગર ભણી.
પ્રીત પાંખે,
થઈને સવાર,
ચાલ્યા છે પ્રાણ,
આંબવાને આભ,
સ્નેહ-મિલનના
ગાવાને ગાન.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હૈયાના વૃન્દાવનમાં વાગી વાંસળી
ને મન-મંદિરમાં નાચ્યો મોર.
આખ્યુંમાં સ્નેહ આંજણ અંજાયું
ને સુરભિત બન્યા નિજ - પ્રાણ.

❖❖❖

મન મોરલો
નાચ્યો નાચ્યો
તોય ન થાક્યો
જરાય !!

❖❖❖

તવ મૂર્તિ સમાણી નયનો માંહી,
તવ ગીત સમાણા અધરો માંહી,
તવ પ્રેમ પરિમલ શ્વાસોચ્છ્વાસે
ઓ આહ્લાદક, ઓ અવિનાશી,
પ્રણમી લઉં પ્રાણોથી તુજને.

❖❖❖



Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અણધાર્યું

વણ માંગ્યું છલકાય,
આ તો અણધાર્યું કંઈ કંઈ થાય.
ભવના બંધન છેદાય,
મીઠો મોલ લહેરાય,
ભક્તિથી કોર ભીની થાય,
આતમનાં મૂલ પરખાય,
આ તો અણધાર્યું કંઈ કંઈ થાય.
અણમોલને મૂલે નો અંકાય,
મારા સ્વામીનાં મૂલ નો થાય,
આ તો અણધાર્યું કંઈ કંઈ થાય,
ભાવ ભર્યા હૈયે હરખ નો સમાય,
સ્વામી તારા બાળુડાને સંભાળ,
આ તો અણધાર્યું કંઈ કંઈ થાય.

❖❖❖

મોજ

મોજીલા વગડામાં
મોજભેર ઘુમતા તાને
કદમ્બની ડાળીઓમાં,
મોરપિચ્છ શોધતાતા
જમનાના ઘાટે,
વૃન્દાવનની વાટે,
વાંસળીના સૂર,
સાંભળવાને કાજે,
મોજીલા વગડામાં
મોજભેર ઘુમતા'તા.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શબ્દજાળ

શબ્દમાં તું,
શબ્દના અર્થમાં તું,
શબ્દ તણો રચનારો તું,
શબ્દની આ પાર તું,
શબ્દની પેલે પાર તું,
શબ્દથી જો જાણું તુજને,
તો વળી અશબ્દ અનુભવું.
નિઃશબ્દ બનું તો
જાણું
તું ધબકે મુજ શ્વાસે શ્વાસે.
શબ્દોની ભરમારમાં ભૂલી,
ભટકી હું શબ્દજાળમાં,
ને તોય તુજ નામ કેરા 'શબ્દે'
આણ્યું ભાન, કરી સજાગ.

❖❖❖

બાવરી

નવ નવ ધારે અમૃત સિંચ્યા,
નવ નવ દ્વારે પ્રાણ પૂર્યા જો,
નવ નવ દુર્ગા સજી શણગાર,
આવી મમ દ્વારે રમવા રાસ જો.
નવ નવ દીપની દીપશિખા શોભતી,
નવલી રાતે માંડ્યા આ રાસ જો.
નક્ષત્રમંડળ, તારલિયા ને મંદ મંદ સમીર જો.
આવ્યા સહુએ હરિ-ગણ સંગાથ જો.
હૈયું નાચે આનંદ-હિલોળે જો,
બની બાવરી, નીરખો માના પ્રેમજો.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તારે ધામ

ન રહે મોહ,
ન ઊઠે દ્રોહ,
દ્રોહ-મોહ બન્ને સમાન;
હું તો આવું તારે ધામ.
નિઃશબ્દનું ગુંજન
ને કોકિલનું કુંજન,
લાગે હવે સમાન;
હું તો આવું તારે ધામ.
નહીં આકાંક્ષા માન કેરી,
નહીં ભાન અપમાન કેરું,
થયાં બન્ને સમાન,
હું તો આવું તારે ધામ.
રામ કહું કે
કહું રહમાન !
આત્મ કહું
કે કહું પરમાત્મ !
બન્ને એક સમાન,
હું તો આવું તારે ધામ.

❖❖❖

બાંકે બિહારી !
ઓ મોરપિચ્છ ધારી,
સાંભળો તમે વાત મારી,
આવો આજ, રમીએ રાસ,
કરાવો ઉલ્લાસ, ભરી દો પ્રકાશ
કરી દો નૈયા પાર,
કે તમે સાંભળોને વાત ... !!

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સંગાથ

ઘૂઘવતાં ઘેરાં નીર હતાં ને ...!
હું તો
શમણાંની પાંખો પર
થઈ સવાર ...!!
નીકળી નીલ ગગનમાં
કરવા વિહાર ...!!
ત્યાં તો ....
થંભ્યા પ્રાણ,
મળી ગયો તુજ સંગાથ,
તમે વ્યાપ્યા
રોમે રોમ આજ,
થયો આલાપ,
મટ્યો પ્રલાપ,
ઘૂઘવતાં ઘેરાં નીર,
બની ગયાં સંગીત ...!!

❖❖❖

મહાકાલ

કાલ કાલ મહાકાલ તું,
મહારુદ્ર, મહાભદ્ર, મહાઅંબિકે,
મહાકાલિ, મહાદેવી, મહાભૈરવી,
વાગ્‌વિલાસિની, જ્ઞાન પ્રદાયની,
જય જય મા સરસ્વતી,
સંકટ નિવારિણી, દુઃખ હારિણી,
જય જય મા વિભાવરી,
પાપ સંહારિણી, ભવભવ તારિણી,
જય જય મા મહાદેવી !
કાલ કાલ મહાકાલ તું.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બ્રહ્મભાવ

જાગો જાગો પ્રાણ મ્હારા
નાથ તમને બોલાવે રે
જાગ્યા ત્યારે ....
નેહ નીરમાં નાહ્યાં અમે,
મગન મંદિરમાં મહાલ્યાં રે,
ગગન ગુફામાં ગેહ મળ્યો રે,
અમે ગેબી ગુંજન સુણ્યા રે
સપ્ત સાગરમાં ડૂબકી ખાતાં,
માણેક-મોતી લાધ્યાં રે,
બ્રહ્મભાવની જ્યોતિ જલી રે,
પ્રકાશપુંજ પથરાયા રે,
નેહ નીરમાં નાહ્યાં અમે,
મગન મંદિરમાં મહાલ્યા રે ...

❖❖❖

તલસાટ

સાંભળ મારી સાહેલડી,
મારા હૃદિયાની વાતલડી,
કે હરિને નિરખવા-પરખવા,
તલસે છે મારી આંખલડી,
દૂર દૂરથી સંભળાયે સાદ,
પણ પાસે ન આવે જરાય.
આ આકુળ-વ્યાકુળ નયના
વહ્યા કરે નિરંતર ચોધાર,
ચિતડાને ન પળનો વિસામો,
કે પ્રાણોને નહીં નિરાંત,
હરિ ગીત, હરિ સંગ ગાવાં,
આજે હૈયું પોકારે વારંવાર.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શીદ ચાલ્યા

મોરપિચ્છ મુગટમાં ધરી
ધરી બંસરી હાથ,
તમે શીદ ચાલ્યા આમ ??
જમનાનાં નીર બોલાવે,
બોલાવે વૃન્દાવન વાટ,
તમે શીદ ચાલ્યા આમ ??
ગોપી તણાં ગીત બોલાવે,
બોલાવે ગૈયા ને ગોવાળ,
તમે શીદ ચાલ્યા આમ ??
હૃદયકમળમાં આસન બિછાવું
મન મંદિરમાં સેજ,
રોમે રોમે દીપ પ્રગટાવું,
લઈ પુષ્પ તણી સેર
અંતર પોકારે વારંવાર,
તમે શીદ ચાલ્યા છો આમ ??

❖❖❖

મુક્તક

વિમલ વાડીએ,
વિમલ સૌરભ.
વિમલ સૌરભે,
વિમલ પ્રાણ.
વિમલ પ્રાણે
જીવન બન્યું ન્યાલ.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભ્રમણાં ભાંગો

અગમ-નિગમના ચિતર્યા ચોતરા,
સિદ્ધિચક્ર સરતાજ,
બાહ્ય આલંબને ભટકી હતી,
યોગમાર્ગ આધાર.
બ્રહ્મરન્ધ્રમાં જ્યોતિ જલી છે,
અલખ નિરંજન !
અલખ નિરંજન !
નાથ ગુંજે ગેબી ગુંજને,
જાગ પિયારે !
જાગ પિયારે !
સપ્ત મંડળમાં દીપશીખાઓ
આલોક્તિ પ્રકાશિત
પ્રકાશિત આલોક્તિ
સપ્ત કમળે પ્રકાશ ભાળું,
ઝળઝળ ઝળઝળ
ઝળઝળ ઝળઝળ
પદ્મનાભમાં પદ પદ પંકજ,
આવી મળો સ્વામીને અંદર,
નાભિકમળમાં નવ નવ રત્ન,
સૂર-સ્પંદ સહજ સહજ સંગત,
નવ નવ રત્નની નવ નવ માળા,
આજ્ઞાચક્રને આધાર અનેરા.
હૃદયકમળમાં વાસ તમારો,
તમે રહ્યા છો સર્વ નિયંતા.
ભવ ભવની ભ્રમણા ભાંગો,
નવનાથનો ભેટો કરાવો.
આગળ આગળ ચાલ્યા આપ,
પાછળ પાછળ બાળ અજાણ,
વિગલિત પ્રાણ, તવ આધાર,
ઉતરે પાર, બને સનાથ.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આવો પ્રભુ

અનંત સાગરે અનંત ઉછાળા,
વિધ વિધ રંગો, વિધ વિધ સુરા,
જપ, તાલને લય અનેરા,
ગીત સુહાગા, પ્રીત ગભીરા,
રોમ રોમ બસીયા મીત સુહાગા.
નભમંડળમાં નાદ અનંતા,
હૃદયકમળમાં તાલ અનંતા,
આવો પ્રભુ આજ,
માંડ્યો છે રાસ,
રેલાવો રસલ્હાણ.

❖❖❖

પાર ઉતારો

મારા ભવના બંધન કાપો
કે મને ભવજળ પાર ઉતારો,
કે અંતરની આરતી સ્વીકારો,
કે મને ભવજળ પાર ઉતારો,
તનમાં ઉજાસ, મનમાં ઉજાસ,
કે મારા રોમે રોમે ઉલ્લાસ,
તુજ મિલન કાજે આજ,
ઉલ્લાસ ઉલ્લાસ,
આવે તું બારણે
ધરી રૂપ અનેક,
નાચે મન-મોરલો બની એકતાન,
ઉતારે તારી આરતી વારંવાર,
કે મને ભવજળ પાર ઉતારો,
કે વાલા મારા ભવજળ પાર ઉતારો.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તવ ચરણે

દીપશિખાના શિખરે બેસું,
બ્રહ્મભાવની જ્યોતને નિરખું,
શ્વાસોચ્છવાસે પ્રીતને પરખું,
ભાવ મહીંના ભાવને ચાખું,
તવ ચરણે આયખું મારું,
સ્વીકારજો હરિ,
શિશુનું આખું.

❖❖❖

શ્રદ્ધાદીપ

જ્ઞાન સાગરમાં ડૂબકી ખાતાં
માણેક મોતી લાધ્યા રે ... જ્ઞાન
ભક્તિ કેરું આસન માંડ્યું,
શ્રદ્ધા દીપ પ્રગટાવ્યો રે ... જ્ઞાન
પ્રેમે આરાધું વ્હાલા હરિને,
આનંદ હોય અપારા રે ... જ્ઞાન
ગુરુ મળિયાને અલખ જાગીયો,
આતમ મૂલ પરખાયાં રે ... જ્ઞાન
લાધી કૂંચી ઊઘડયાં તાળાં,
ભાંગી ભવની ભ્રમણા રે ... જ્ઞાન
ગહન વાતો ને ગહન છે લીલા,
ગહન છે એનાં પાણી રે ... જ્ઞાન
જ્ઞાની ગુરુને ભાવે ભજતાં,
બત્રીસ કોઠે દીવા રે ... જ્ઞાન

❖❖❖

ભેદાભેદ ન જાણું હું તો
અભેદ થઈને મ્હાલું.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અલખ જાગશે

ચિતડાંનો મેલ કાંઈ,
ધોયો ધોવાય નહીં ને,
ભલે બાવન કરું હું
તીરથધામ રે.
એકાંતે બેસું ને,
અલખ આરાધું તોયે,
મનડું રહે છે મારી સાથ રે ... ચિતડાંનો
શબ્દોના છે આટા-પાટા,
ભ્રમણાના જાળાંવાળા,
ચિતડું ભમે છે અહો રાત રે,
ચિતડામાં હોય નિત્ય,
સ્મરણ હરિનું તો,
હરિ ઊભા છે આવી દ્વાર રે ... ચિતડાંનો
હરિને ભજશું તો,
અલખ જાગશે રે,
બીડ્યાં દ્વાર ઉઘડશે અંતર ત્યારે
જ્ઞાન પ્રકાશશે ને
પ્રેમ પાંગરશે આપોઆપ રે ... ચિતડાંનાં

❖❖❖

દેહ આલિંગને, દેહ વિભાવના,
દેહ મિટે તો, દેવ પ્રભાવના,
મન મિથ્યા તો, અહીં પ્રયાગા,
સપ્ત સંગમા, સપ્ત સાગરા.

❖❖❖

ગુંજે છે ગીત,
ડોલે છે મનમીત.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ગુરુ પ્રતાપ

સુરતા સંધાણી રે, અલખ સંગાથે રે ...
આતમ ઓળખાયો પારોપાર,
હેજી મારા વાલમને ભેટવાને,
પ્રાણ બન્યા ધરાધરા રે ... સુરતા
વિકસે વિંધાણી રે, આકંઠ ઓઢાણી રે
વાલમ વળોટિયા અપરંપાર,
હેજી એના શા રે કરું ગુણગાન રે ... સુરતા
મીઠી છે વાતો રે, મીઠાં એનાં વારિ રે,
મધલાળ મેલી મઝધાર
હેજી વાલમે ઝાલ્યો રે હાથ,
રોક્યા રોકાય નહીં પ્રાણ, વિહરે ગગન માંહ્ય રે ... સુરતા
ગુરુ પ્રતાપે ગાયે રે જીવડો
વિકસે - વિલસે રે આતમ માંહ્ય,
બાંધ્યા બંધાય નહીં રે, ઝાલ્યા ઝલાય નહીં,
વિચરે અવિરત ધામ ... સુરતા.

❖❖❖

ભવની ભ્રમણા

અવિરત ધારા સંતો વહાવે, હરે પાપ-તાપ સઘળાં રે ...
પ્રેમ પ્યાલા સ્નેહે પાયે, ભાંગે ભવની ભ્રમણા રે ... અવિરત
ભેદી ગ્રંથિ, મૂળ હલાવે, છેદે માયા આવરણ રે,
સત્ય માટે પ્રીતિ જગાડે, કરાવે ડોકિયું માંહ્ય રે ... અવિરત
ભમે જીવડો, ભટકે મનડું, ચિત્ત ફરે ચગડોળે રે
કાઢી બા'રે, રાહ ચિંધાડે, નાવ ઉતારે, કિનારે રે ... અવિરત
છૂટી ગઠરી, લાધ્યાં મોતી, રેલી હેતની હેલી રે,
આંખ્યો મીંચીને, દર્શન કીધાં, આનંદ આનંદ વ્યાપ્યો રે ... અવિરત

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરુણા

કરુણા છલકન્તી તારી આંખડી રે લોલ
ચિંધતી અનંતનો તે રાહ રે
કરુણાના મોલ કદી હોય નહીં રે લોલ.
વસુધા સુત જાય વારી વારી રે લોલ
દોડી દોડી આવે તારી પાસ રે,
કરુણાના મોલ કદી હોય નહીં રે લોલ
શબ્દોના સંગને છોડાવીને રે લોલ
મૌનની કંડારી દીધી કેડી રે
કરુણાના મોલ કદી હોય નહીં રે લોલ
અનંતને આંબતી તારી આંખડી રે લોલ
વ્યોમથી વરસન્તા નેહ વારિ રે
કરુણાના મોલ કદી હોય નહીં રે લોલ

❖❖❖

કૃપા માડીની

તારી કૃપાએ માડી,
જીવ તો શિવ થયો.
તેં તો ભળાવ્યો, મુક્તિનો પથ,
ભાંગી ભ્રમણાની જાળો;
છેદી બંધનની ગાંઠો;
ઓઢાડી સજગતાની ઓઢણી.
તારી આ સ્નેહ સરિતામાં,
રોજ રોજ ન્હાઉં માડી,
પ્રેમે પોકારું તને ભાવે આરાધું તને,
તારી કૃપાએ માડી,
આ જીવ તો શિવ થયો.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કે કોણ આજ

કે કોણ આજ અંતરના દ્વારે
ઊભીને સાદ દેતું ?
કે કોણ સદિયોની ધૂળને
પળમાં ખંખેરતું ?
કે કોણ આજ પોઢેલા
રામને જગાડતું ?
કે કોણ આજ ....
જ્ઞાન - ભક્તિના પાઠ કૈંક શીખવતું
કે ભક્તિના રસને રેલાવતું ?
કે કોણ આજ ....
વ્યોમમાં વ્યાપીને વ્યોમથી અતીત
તેજ પુંજ પાથરીને તેજથી અતીત
પ્રેમ પાલવથી પખાળતું ?
કે કોણ આજ ....

❖❖❖

સર્વત્ર

નામી અનામી સહુમાં ભાળું,
કાળ બનીને કાલાતીત થતાંયે ભાળું,
ઉર ઉરમાં પ્રાણ બની ધબકતા ભાળું,
વીજળીના ચમકારામાં ભાળું,
મેઘની ગર્જનામાંયે ભાળું,
અત્ર-તત્ર-સર્વત્ર નિવાસ તારો,
આસપાસ ચોપાસ,
જ્યાં નિહાળુ ત્યાં તુજને ભાળું.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રચયિતા

ભીતરના ભેરુ સૌના, આપ જ છોને !
મારગના ચીંધનારા, આપ જ છોને !
હે આ માર્ગે ચાલનારા સૌએ,
જાણવું હોય તો જાણજો
જાણવું હોય તો જાણજો.
આંધી અને તુફાન માંયે
દરિયાના ઘૂઘવાટ માંયે,
મેઘની ગર્જના માંયે
શાંતિને રેલાવનારા,
આપ જ છો ને !
આપ જ છો ને !
આપ વિના ન હૈયું ધબકે,
આપ વિના ન ચાલે પ્રાણ,
આપ વિનાનું ન ભાળું જગને,
લીલાના રચનારા ને,
લીલાના કરનારા
આપ જ છો ને !
આપ જ છો ને !

❖❖❖



Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અકળલીલા

તું આવે ને જાય,
મીઠી મ્હેંક મૂકીને જાય,
તારી અકળ લીલા ના કળાય,
જાય તારી યાદમાં
દિવસ ને રાત.
તું તો સ્મૃતિનીયે પેલે પાર
તું આવે ને જાય,
મીઠી મ્હેંક મૂકીને જાય.
મનખા દેહને દીપાવતો,
રૂડા ઉપવનમાં મહાલતો,
ભક્તિના ગાન ગવરાવતો,
તું આવે ને જાય,
મીઠી મ્હેંક મૂકીને જાય
તારી અકળ લીલા ના કળાય.

❖❖❖

રાસ રમવા

આભમાં મંડાયા રાસ
ચાંદ તારિયા સંગાથ
ચાલ સખી આભમાં
રાધા-માધવની પ્રીતને પામવા
ચાલ સખી ચાલ
મારા શ્યામને નીરખવા
ચાલ સખી ચાલ
મારી રાધાને પરખવા
ચાલ સખી ચાલ
રાધા-માધવના રાસને રમવા.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રાધા - માધવ

સખી, કેમે કહેવાય નહીં,
કેમે સહેવાય નહીં,
શ્યામ સુંદરની વાતો સખી,
બોલી બોલાય નહીં.
નયનોથી નેહ વહે,
અધરોથી ગીત વહે,
રોમ રોમથી સ્નેહ સંગીત વહે.
પ્રેમ આલાપ તેના.
હૈયે આનંદ ભરે,
સખી, કેમ કરી કહું તને,
શું થાય આજ મને,
માધવ માધવ મન પોકારે,
રાધે રાધે પ્રાણ,
મન માધવને ચરણે મારું,
દિલ રાધાને હાથ,
રાધા-માધવના ગાન મારે,
હૈયે ભરે છે હામ ... સખી,
સખી કેમ કરી કહું તને,
શું થાય આજ મને.

❖❖❖

મુક્તક

ત્યાં ભેદના પડદા
સહેજમાં ચિરાય,
આતમનાં મૂલ
આતમ થકી થાય.
ત્યાં આતમ-પરમાત્મ સિવાય
અન્ય કશું ન જણાય.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હરિ સંગાથ

હાથમાં લઈ હાથ, હું તો હાલી હરિ સંગાથ.
અણદીઠી ભોમમાં
ને અણદીઠા લોકમાં,
હરિને નિરખવા, હું તો હાલી હરિ સંગાથ.
ત્યાં આતમના સૂર ને આતમનું સંગીત,
ત્યાં શાંતિ ના નંદવાય, ના હૈયું દુભાય.
ત્યાં નેહનાં નીર ને પ્રેમનાં પરિમલ,
ત્યાં હું ને હરિના ભેદ ના પરખાય.

❖❖❖

મુક્તક

વિમલ સ્પંદે સ્પંદું છું
વિમલ શબ્દે ગાઉં છું.
વિમલ શ્વાસે શ્વસું છું.
વિમલ ગૂંજને ગૂંજું છું.
વિમલ વિમલ રોમે રોમે
વિમલ વિમલ શ્વાસો શ્વાસે
વિમલ ધબકતી ચેતના
વિમલ વહેતી દેશના

❖❖❖

મુક્તક

ઉર ઉછળતી આનંદધારા,
ઉર ઉછળતી પ્રેમધારા,
પખાળે તુજ પાદપંકજા;
ન સમજાયે તારા
નિત - નવાં આ રૂપ નિરાળાં,
નવાજે તુજને નયનો મારાં.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ગીત ગોવિંદના

વ્રજરજની બની ઘેલી
ગીત ગોવિંદના ગાઉં,
વૃન્દાવનની કુંજ ગલીમાં
પ્રીત ગોવિંદની પાઉં,
સુણી મોરલીના નાદ,
પુંઠે ગોવિંદની ધાઉં,
... વ્રજરજની બની ઘેલી
સાંજને સવાર નિત
ગોવિંદની સંગાથ,
તટ જમનાને જાઉં.
રાસ રમન્તા, કિલ્લોલ કૂરન્તા
નિહાળી પ્લાવિત થાઉં.
... વ્રજરજની બની ઘેલી
સુરભિત આનંદિત
રાધા-માધવના રાસથી
બની ગુલતાન
હું તો વારી વારી જાઉં
... વ્રજરજની બની ઘેલી

❖❖❖

માધવની મ્હેંકથી,
મ્હેંકે છે પ્રાણ મુજ.
તારી બાંસુરીના સૂરથી,
સંચિત છે કાય મુજ.
ઘેલી બની તારી પ્રીતને પરખું,
નિશ્ચળ બની તારા ગીતને સાંભળું,
દોહ્યલી ક્ષણોને પ્રાણોથી આરાધું.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મિલન

સુંદર એ સાંજ હતી,
યમુનાને ઘાટ હતી,
સહિયર સંગાથ હતી,
નયનોમાં આશ હતી,
પ્રભુ પ્રીતિની પ્યાસ હતી
ત્યારે ....
મુખડું મલકાવતા, નયનો નચાવતા,
મુરલી બજાવતા, ઝાંઝર ઝંકારતા,
આવ્યા છે શ્યામ,
માંડ્યો છે રાસ ને ગાયાં છે ગીત,
આનંદને માંડવે ઝૂમે છે પ્રાણ,
આ સુંદર શી સાંજ, એની શું રે કહું હું વાત !
સખી શું કહું હું વાત ... !!

❖❖❖

રસ તરબોળ

ઘડીક આવીને તમે
ઉલ્લાસ ભરી ગયાં,
જીવન રસ તરબોળ કરી ગયાં;
ખૂટતી કડી જોડતાં ગયાં;
તૂટેલી કડી સાંધતા ગયાં;
ઉલ્લાસ ભરી ગયાં,
રસ તરબોળ કરી ગયાં.

❖❖❖

ભલે એક દિવસ ખરી પડવાનાં હોઈએ,
તો પણ રોજ રોજ મહેંકી રહીએ.
અને ખરતાં ખરતાં પણ મહેંકી જઈએ.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ચાલ સખી

ચાલ સખી ચાલ,
યમુનાને ઘાટ,
રમવાને રાસ,
પેલો કહાન જુએ
આપણી વાટ ... ચાલ સખી ચાલ
મૂકી મનના મહોલાત,
ભૂલી આશ ને અરમાન,
તજી ક્લેશ ને કંકાસ .... ચાલ સખી ચાલ
આંબે મ્હોરી મંજરી,
મ્હોર્યા જાસુદ-ગુલાબ,
ડોલર ચંપો ને ચમેલી,
મધુમાલતીની બહાર જ બહાર .... ચાલ સખી ચાલ
ટહુકી છે કોયલ ને,
નાચ્યો છે મોર,
હૈયું હરખાય અંતર મલકાય,
મારાં નયનો છલકાય,
ત્યાં કહાન જુએ છે વાટ ... ચાલ સખી ચાલ

❖❖❖

મન માધવ સંગાથ,
તન વિમલ સંગાથ,
પછી ક્યાં રહ્યો,
અહંકારનો સંગાથ !

❖❖❖

આંખના તેજથી મેં તને
આંખની બહાર જોયો હતો,
આજે પ્રકાશ નથી ત્યારે
તને અંતરમાં જોઈશ.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પાવન દિન

ક્ષિતિજમાં દેખાતું
હવે પાસ ભાળું.
સીમનો ટહુકો
હવે હૃદયમાં સાંભળું.
આ દીપ્તિમંત વિશ્વને હવે ચોપાસ નિહાળું.
સીમિત પ્રેમ-પગદંડીને
નિઃસીમ બનાવું,
શ્રીહરિના આલોકને
લળી લળી વિલોકું;
ઉરમાં સંચરતા ભાવોને
તમ સહુ સુધી પહોંચાડું
આ દીપ્તિમંત વિશ્વને હવે ચોપાસ નિહાળું.
રાગ-દ્વેષ-કટુતા,
સ્પર્ધા-તુલનાને ક્લેશ,
આજે સહુને તિલાંજલિ,
શાંતિ-આનંદ-સમતા,
સખ્ય-સ્નેહને સરળતા,
મ્હાલે મારે દ્વાર.
બસ હવે તો - આનંદ, ઉલ્લાસ.
આ દીપ્તિમંત વિશ્વને હવે ચોપાસ નિહાળું.
કુરીતિ કુકર્મી, કુસંગી,
કુદૃષ્ટિ, કુવૃત્તિ છો ને જગતમાં,
સખ્ય સહયોગની વાટે,
સહજીવનની મ્હેંકને માણું,
આ દીપ્તિમંત વિશ્વને હવે ચોપાસ નિહાળું.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અચાનક

આમ અચાનક,
અમથું અમથું,
મધુર મધુર ગુંજન ...
હૃદય મંદિર ઊઘડ્યાનો
અહેસાસ મને,
મહીં તુજ આવ્યાનો
અણસાર મને,
... આમ અચાનક
નહીં મનનો હિલ્લોળ,
નહીં તનનો તલસાટ,
આ તો આતમનો અણસાર.
... આમ અચાનક
થયું બધું પારોપાર
નિઃસંદેહ નિર્લેપ,
નિઃસંગે ને નિજાનંદે,
નહીં આધારે,
નહીં નિઃશ્વાસે,
અસ્ખલિત ધારે,
પ્રેમાનંદે,
વહે સરિતા રંગે-ચંગે,
આમ અચાનક અમથું અમથું.

❖❖❖

તત્ત્વમાંથી જન્મ છે ને
તેજ મ્હારું રુપ છે.
બંધન ક્યું મુક્તિ કઈ ?
આ તેજના અંબારમાં ?

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ફૂટ્યા અંકુર બન્યાં વૃક્ષ-વેલી,
કળીઓ આવી, આવ્યા મ્હોર
ખીલશે હવે,
સુગંધે ભર્યું,
પૂર્ણ કળાએ ફૂલ,
પ્રભુની કૃપા અપરંપાર,
કરશે સહુને પારોપાર.

❖❖❖

પેલી આંબાની ડાળી પર ઝૂલતા
મ્હોરને પૂછ્યું
મોરલો ક્યાં ?
તો કહે,
ન દીઠો તેં ?
મારી મીઠી સુવાસમાં !
મદમસ્ત ઝૂલતી આ ડાળોમાં ?
શું કહેવું તારા આ દષ્ટિભ્રમને !

❖❖❖

તારા આવ્યાનો અહેસાસ થયો,
નયનોમાં નેહ વહ્યો,
અંતરમાં ઉલ્લાસ વધ્યો,
પરમાનંદનો સ્પર્શ થયો.

❖❖❖

આત્મદીપનો દિવ્ય પ્રકાશ,
ઝળહળ જ્યોતિ પ્રેમ અપાર.
લાધી કૂંચી, ઊઘડ્યાં કમાડ,
ગયો અંધકાર થયો ઉજાસ.
નિઃસીમમાં થયું નિમજ્જન,
અમૃતરસે થઈ નિભૃત નિભૃત.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભેદ ભાંગ્યા

પૂર બધાં ઓસરી ગયાં
ને નીર થયાં પ્રશાંત,
નિગૂઢ નિબિડ અંધકારને આંબતી,
દૃષ્ટિ બની વિશાળ.
રસબસ બની ધરા હવે,
નવપલ્લવિત થઈ વનરાઈ,
વસંત ફોરી ફૂલડે ફૂલડે,
ગુલશન બન્યો ગુલઝાર (મનોહર, સુંદર)
ભેદ ભરમના ભાંગીયા,
ને જીવન બન્યું સાકાર.

❖❖❖

પ્રભુ પ્રીત

રસબસ થઈને રસબસ કરવા
આવી તારે દ્વાર,
રૂમઝૂમ રૂમઝૂમ તાલે તાલે,
નાચે મન મસ્તાન,
હૃદય ગુહાના અનાહત નાદે,
સ્વપ્ન થયાં સાકાર ... આવી તારે દ્વાર.
મન મંદિરમાં ઝાલર વાગે
ને ઝાંઝર તણો ઝંકાર
ભીતરનો ભેરુ નાચે - ગાયે
તેમાં તન ગુલતાન ... આવી તારે દ્વાર.
હું મારાના તું તારાના ભેદ ભૂલાતા,
દૂર થયો સંતાપ,
ગયો અંધકાર, થયો જ્ઞાન પ્રકાશ,
ઝંકૃત થયા છે પ્રાણ ... આવી તારે દ્વાર.
પ્રભુ પ્રીતિનો રંગ ચઢ્યો ને
થયો દૃષ્ટિ ઉઘાડ,
અંદર - બાહર આનંદ - મંગલ
જ્યાં દેખું ત્યાં શ્રીહરિ દર્શન ... આવી તારે દ્વાર.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

થાવું મારે

પામવું ને ત્યાગવું,
એવું બધું ક્યાં સુધી કરવું મારે !
પરમ ઓળખીને,
બસ તેમાં ઓળઘોળ થાવું મારે !
નહીં આ પાર કે નહીં પેલે પાર,
મઝધારની મહોલાત માણવી મારે !
પારસમણિના સ્પર્શે,
પારસ બની ફંદ બધા ફેડવા મારે !
નિજાનંદ નિજાધારે,
નિરાલંબી બની આત્માનંદી થાવું મારે !

❖❖❖

વિલીન

ક્ષિતિજની પેલે પારથી
સંભળાય તારો સાદ ... !!
તડપે તન-મન પ્રાણ,
મધુરા મિલનને કાજ,
તુજમાં ખોવાઈ જાઉં,
થાઉં તુજમાં વિલીન ... !
બસ હવે તો
હું - તું નું વહેતું રહે
સંગીત ... !
એવી અંતર તણી છે આશ
નહીં કોઈ બીજી પ્યાસ ... !

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કેડી અંતરની

મુજ અંતરની કેડી ઉપર
પગલી પડે છે તારી ....
ક્ષત-વિક્ષત હતી મનની બારી,
ઢીલું - ઉદાસ ને હતાશ ચિત્ત,
ક્યાંયે ન ચેન કે આનંદ - ઉલ્લાસ
ત્યારે
મુજ અંતરની કેડી ઉપર
પગલી પડે છે તારી ...
ઊઘડી મારી બંધ અટારી,
ખૂણે ખૂણે દીપ પ્રગટ્યા ને
કેડી બની પ્રકાશિત ... પગલી પડે છે તારી.
દશે દિશાઓ ઝૂમી ઊઠીને
સુરભિત બની એ કેડી ... પગલી પડે છે તારી.

❖❖❖

સંગીત મિલનનું

તુજ મુજ મિલનમાં સમાયું
સૂરોનું સંગીત.
'સા' થકી થયું સાયુજ્ય,
રે ગયો તન-મનમાં રેલાઈ.
'ગ' ના ગાંભીર્યે,
અંદર-બહાર પથરાયા
પંચમના સૂર.
ધૈર્ય ધરતો ધૈવત આવ્યો,
લાવ્યો નિષાદની સુવાસ.
નિર્મળતા - નિર્ભયતા આવી સંગે,
ભરી સંબંધમાં મીઠાશ ...

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હું તું એક

તું પ્રકાશ મારો
હું તારી બાતી
જલી બાતીને
આલોકિત થયાં ધરાને આકાશ
હું નયનો તારાં
તું મારો નેહ
નયનોમાંથી નીતર્યો નેહ ને
ફેલાયો ચોમેર
હૃદયગુહાનું ગુંબજ તું ને
હું ગુહાનું દ્વાર
હૃદયગુહામાં નોબત વાગી
ઝણક્યાં નૂપુર ઝંકાર
કિલ્લોલતું ... હિલ્લોળતું
નાચ્યું ગગન વિશાળ
હું - તું ના જ્યાં
ભેદ ભુલાયા
ત્યાં ધરા બની રસાળ.

❖❖❖

તુંજ આવ્યાથી
મુજ અંતર આંગણિયે
ઉલ્લાસ તણાં મોતી વેરાણાં;
પુષ્પો પથરાયા
પ્રસન્નતાના
રોમે રોમ ફેલાઈ
ફોરમ,
જાણે અંદર આનંદ - ઉત્સવ !!

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

'તુજ' સંગે

તુજ સૌરભે સુરભિત બની,
તુજ નેહ નીરમાં પ્લાવિત બની,
તુજ સંગે સભર બની,
તુજ સ્નેહ-સ્પર્શે સ્નિગ્ધ બની
તુજ સંબંધે
શાંત-સ્વસ્થ-પ્રસન્ન બની
તુજ સંગે
થયું પ્રાણોનું નિમજ્જન
તુજ વહેતી ધારે
થયું ધારામાં સિંચન
નિર્વ્યાજ દીધો તેં
સ્નેહ ઘણો,
અસ્ખલિત ધારે વહાવ્યો
તેં પ્રેમ ઘણો.

❖❖❖

પુલકિત છે પ્રાણ
પુલકિત હર શ્વાસ
શું કહું તને હું વાત
આજ મારે
આનંદ-ઉલ્લાસ.

❖❖❖

તુજ ચરણે મુજ
એક જ પ્રાર્થના
કે
રહું સદૈવ
બ્રહ્મમાં લીન
બ્રહ્મભાવમાં વિલીન
બ્રહ્મ જ્યોતમાં વિગલિત.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આગમન

સહિયર મારી ...
મન મંદિરમાં તેજ પ્રસરાવતી
પ્રશાંત પગલે આવી
તું તો પ્રશાંત પગલે આવી
આકાશની અલિપ્તતા લાવી, ને
ઊર્વીની ઉર્વરા લાવી,
ઉદધિનું ઊંડાણ લાવી,
પ્રાણોની પ્રગલ્ભતા લાવી
હૃદય ભરીને નિર્મળતા લાવી
તું તો પ્રશાંત પગલે આવી ...

❖❖❖

કૃપા

જીવન બને ઝંઝાવાતી
ઝીલમીલ ઝીલમીલ
આવ્યા તમે.
જીવન બને સુસંવાદી
અમૃત ધારે
વરસ્યા તમે.
જીવનની વિસંવાદિતાઓને
ભેદીને/છેદીને
હૃદયસ્થ બન્યા તમે.
તમે કરુણાસાગર, કરુણાનાગર
કરી કૃપા અપરંપાર રે ... !

❖❖❖

જ્ઞાનદીપમાં પ્રકાશ તમારો
ભક્તિભાવમાં પ્રેમ તમારો.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સહિયર

સહિયર મારી ....
ઝર ઝર વહેતા ઝરણા સરખી
કલ કલ વહેતા નીર સરખી
વન-ઉપવનના હરણાં સરખી
વર્ષાઋતુના વાદળ સરખી
મોરલાની ગહેક સરખી
કોકિલના ટહુકા સરખી
ફળ-ફુલે લચેલા વૃક્ષ સરખી
વાદળમાં ચમકન્તી વીજ સરખી
આનંદ ભરેલા જીવન સરખી
પ્રભાતના સૂર્યની લાલી સરખી
પૂર્ણ ચંદ્રની શીતળતા સરખી
મારા માધવની મીઠી મ્હેક સરખી

❖❖❖

તમારું અસ્તિત્વ

તમારું અસ્તિત્વ
વાતાવરણને સભર બનાવે છે.
તમારું પ્રાંજળ હાસ્ય,
અમને પ્રાંજળ બનવા પ્રેરે છે.
તમારી નિરંહકારીતા
અમારી પ્રેરણા - સ્રોત બને છે.
કેમ પૂછો છો કે
તમને શું ફરક પડે છે ?

❖❖❖

ક્યારે જાગશે કૃષ્ણ-કનૈયા ??
ક્યારે ગાશે ગીત મધુરા ??

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ધરામાં સિંચન

નિર્વ્યાજ દીધો તેં
સ્નેહ ઘણો.
અસ્ખલિત ધારે વહાવ્યો
તેં પ્રેમ ઘણો.
તુજ સંગે થયું
પ્રાણોનું નિમજ્જન,
તુજ વહેતી ધારે થયું
શુષ્ક ધરામાં સિંચન.

❖❖❖

પલકમાં

ખુદાને જો હોય મંજુર તો,
સઘળું સુધરી જાય પલકમાં.
ઝાંવા નાંખતી જીંદગીમાં,
ઉજાસ પથરાઈ જાય પલકમાં.
વણ કહેવાયેલી વાતનો,
વિચાર પહોંચી જાય પલકમાં,
તૂટ્યા તાર સંધાઈ જાય પલકમાં.
સુસુપ્ત ચેતના સળવળી ઉઠે તો,
સૂતેલા પ્રાણ જાગી જાય પલકમાં.
શ્વાસે શ્વાસે તું વ્યાપી જાય તો,
યુગ યુગની દોડ થંભી જાય પલકમાં.

❖❖❖

પળે પળે સ્મરું તુજને
શ્વાસે શ્વાસે શ્વસુ તુજને
ક્ષણનો ન વિશ્રામ મારે
તેનો મને આનંદ અપાર.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તનનો તંબુર

તનનો તંબુર તારો તૈયાર હવે
ન બહુ કસેલા કે ન બહુ
ઢીલા છે તાર તેના,
તનનો તંબુર તારો ...
વહે ત્યાંથી સમત્વના સૂર
ને સતનું સંગીત ... તનનો તંબુર તારો ...
નહીં આ પાર કે નહીં પેલે પાર
તારે હવે રહેવું પારોપાર, તનનો તંબુર તારો ...
તંબુર છેડશે મધૂરા સૂર
ને નાચશે મન મયૂર
શબ્દોની પારનું સંગીત
આરપારનું ભાળશે એ ચિત્ત
તનનો તંબુર તારો ...
અંતરના આંગણે ગુંજશે શહેનાઈ
ને બંસરી બજાવશે નટખટ કન્હાઈ
હવે ન તારે કાંઈ શોક ને સંતાપ
પ્રતિપળ તારે આનંદ અપાર.
તનનો તંબુર ...

❖❖❖

તુજ ચેતનામાં સંચરે મુજ પ્રાણ કે
મુજ પ્રાણોમાં સંચરે તુજ ચેતના;
તેના ન ઉકલે ભેદ ઘણાં
જો ઉકલે ભેદ તો
ભીતરની ભીત્યું ભેદાય.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સ્વીકાર

ખુદાને મંજુર હતું તે થયું
વિનમ્રે સ્વીકાર્યું તે,
આનંદ - પર્વ થયું.
કૃપા - કરુણાને આમ
સ્વીકારાય તે
મુજ મનમાં ઠર્યું.
અહો ! આ તે કેવી લીલા
તે ન સમજાયું !!
નયનોથી નીર વહ્યાં,
અંતરે ઘડીક વિષાદ,
તોય
હૈયે હોય નિરાંત કે
અમ સહિયર સદા સંગાથ.

❖❖❖

ક્ષિતિજ

ક્ષિતિજના ઝરુખામાં ઊભીને
આકાશને આલિંગુ છું,
ગગનગામી બની ગગનમાં નિવસું છું,
ગગનવિહારી પંખી સંગે
કુંજ ગલીમાં વિહરું છું,
યમુના કાંઠે સહિયર સાથે
મુરલીના સૂરે ઝૂમુ છું
ફૂલોતણી પરાગ પ્રસરાવી
ભ્રમર - ગીતે ગુંજું છું.
ક્ષિતિજના ઝરુખામાં ઊભીને
આકાશને આલિંગુ છું.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એ ન પૂછો કે.....

એ ન પૂછો કે
ત્યાં શું કરી આવ્યા અમે !
ભીતરની ભીત્યું ને
ભેદી આવ્યા અમે,
ઉન્મનીને ઊંબરે
ઊભી આવ્યા અમે
એ ન પૂછો કે ત્યાં શું
કરી આવ્યા અમે !
પ્રેમની પાવક ગંગામાં
નાહી આવ્યા અમે,
ને આનંદનો આસ્વાદ
માણી આવ્યા અમે,
એ ન પૂછો કે ...
સંબંધોની મીઠાશ
ચાખી આવ્યા અમે
ને જીવનના અવનવા પાઠ
શીખી આવ્યા અમે
એ ન પૂછો કે ...
ખાલી ઝોળીને
ભરી અવ્યા અમે,
ને નકામો બોજ ઉતારવાનું
શીખી આવ્યા અમે
એ ન પૂછો કે ...

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તુજ નયનોથી
નીતરતો નેહ
મુજ હૃદય હિંડોળે
ભરતો એ તેજ.

❖❖❖

જયમ પેલા ધવલ
હિમશિખરોને
આલિંગતું નીલ આકાશ
ત્યમ મુજ હૃદય ગુહાના
ગુંબજને
ઝળકાવતો તુજ પ્રકાશ.

❖❖❖

મહીં સંચરતા આનંદના આલોક થકી
ગગનગામી થઈને વિહરું.
ભ્રમર કેરા ગૂંજને ગૂંજું.
બની સ્વ-સ્થ હવે,
નાચું, ગાવું, ઝૂમું.

❖❖❖

વિશ્વ જ્યોતમાં,
વિગલિત થઈને,
વિશ્વાકાશમાં વિહરું;
ચિદ્‌કાશની ચિદ્‌કણિકા બની,
ચિદ્‌વિલાસમાં વિલસું.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આનંદ નિકેતન

આનંદ નિકેતનમાં વાસ કરાવ્યો,
હવે બીજો ગેહ મળે ન મળે.
સ્નેહવારિનું સ્નાન કરાવ્યું તમે,
સાચું ગંગાસ્નાન થયું હવે.
આતમ-જ્ઞાનની જાજમ બિછાવી,
હવે ઓઢણ - પોઢણ મળે ન મળે.
અમૃત-રસનું પાન કરાવ્યું,
હવે મેવા - મીઠાઈ મળે ન મળે.
આતમ ગોઠિયાનો સંગ કરાવ્યો,
હવે સાથી - સહિયર મળે ન મળે.
આતમ સંગ ગોઠડી મંડાણી,
હવે સંવાદ સાધવા કોઈ મળે ન મળે.
આતમ-દીપ પ્રગટાવ્યો તમે,
હવે બાહ્ય દીવો જલે ન જલે.
જીવનની અમૂલ્ય ભેટ ધરી દીધી તમે,
હવે અન્ય કશુંયે મળે ન મળે.

❖❖❖

મારે હૈયે છે શ્યામ,
મારે હોઠે છે શ્યામ,
મારે શ્વાસે છે શ્યામ,
મારે રોમે રોમે શ્યામ.
મારા નયનોમાં શ્યામ,
મારા અધરોમાં શ્યામ,
મારા હાથોમાં શ્યામ,
મારા ચરણોમાં શ્યામ,
મારા હર કદમોમાં શ્યામ,
મારે હવે શ્યામ શ્યામ શ્યામ,
નથી જોઈતા અન્ય આધાર
બસ હવે તો શ્યામ શ્યામ શ્યામ.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આદિત્યની સવારી

આદિત્યની આવી સવારી
નભે પથરાઈ લાલી,
દિશાઓએ ઉઘાડયા દ્વાર,
વાગ્યા ઢોલ નગારા, દુદુંભીને કરતાલ.
ઝણક્યા નૂપુર ઝંકાર
ને ઝણઝણ્યા વીણાના તાર.
પંખીઓના સૂરીલા ગાનને,
પશુઓ નાચ્યા તાલે તાલ ...
ફુલોએ ચાદર બિછાવી,
સુરભિત બની વનવનની કેડી.
વાયરાઓએ ચામર ઢોળી,
માટીમાંથી મ્હેંક ઊઠી,
આદિત્યની આવી સવારી.
લાવી સંગે પ્રકાશ-ઊર્જાની રેલી,
પથરાઈ સઘળે આનંદ-ઉત્સાહની હેલી.

❖❖❖

શ્યામ રંગની ઓઢી ઓઢણી,
હું તો શ્યામ રંગે રંગાણી,
મૂકી મનના મહોલાત, ભૂલી તનનો આધાર,
હું તો આતમ રંગમાં રંગાણી;
હું તો શ્યામ રંગે રંગાણી.
માહ્યલાનો અનોખો આધાર,
મારે ભાવભર્યા દિલડાંનો સંગાથ,
મૂકી શમણાંની સેજ, તૂટી ભ્રમણાની ભેખ,
ત્યારે વિરાટવનમાં ભોમિયા વિનાની હું તો,
શ્યામ રંગમાં ઝુમતી'તી ને ઘુમતી'તી;
હું તો આતમના અજવાળે ઓળખાણી.
કે ઓઢી ઓઢણી શ્યામ તણી,
હું તો શ્યામ રંગે રંગાણી.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રાધા-માધવની

હું માધવ - રાધાની

રાધા રાધા પ્રાણ પોકારે

મન-મયૂર રાધા સંગ નાચે.

માધવની મોરલીના સૂર,

નેહ નીતરતા રાધાના નૂર.

યમુનાને ઘાટે ઘાટે

કદમ્બની ડાળે ડાળે

નૂર અને સૂરનો

મંડાયો છે રાસ

મન મારું માધવ સંગાથ

તન મારું રાધાને હાથ

બસ હવે તો

શ્વાસે શ્વાસે

રાધા-માધવ, માધવ-રાધાનું સંધાન.

થયું સાયુજ્ય ને

થયું પ્રાણોનું નિમજ્જન

હૈયામાં હવે

અલખ નિરંજન

અલખ નિરંજન.

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અનાહત નાદે નાચ્યા અમે
કે ગેબી ગૂંજને ગૂંજ્યા અમે.
મન-મયૂર પંખ પસારી
મીઠે ટહુકે ટહુકયા રે ... અનાહત
અંતર ગુહામાં ડૂબકી લગાવી
મહા સુખમાં અમે રાચ્યા રે
દિવસ અને રાત એકાકાર હવે
હર્ષ-શોકનો નહીં આધાર ... અનાહત
આવાગમનની તૂટી જંજાળ
સાકાર-નિરાકાર સમાન
આશા-નિરાશાની છૂટી બેડી
પહોંચી પરમને પગથાર ... અનાહત
વિંઝાય વંટોળ કે આવે હવે
આંધી અને તોફાન
સ્થૈર્યની વાટે હાલી નીકળી
ઉરે આનંદ અપાર ... અનાહત

❖❖❖



Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

नज़र की कैद में न बंद कर तुझको
यूहीं ख़ाक होकर रहेगी
हर एक आरज़ू तेरी ।

❖❖❖

अवाएँ ख़ाक हैं मेरी,
दुवाएँ राख हैं मेरी,
दुवाओं की दास्तान छोड वंदे,
हवाएँ साख हैं तेरी ।

❖❖❖

नदियों से तूफां उठा तो
ये क्या हुआ ?
भीतर तूफान का
सागर उठा तो,
क्या आवाज उठा ?

❖❖❖

हम दीवानें है कि
हर कदम पे लुफ्त लूंटाते है ।

❖❖❖

दीवानगी की न होती बंदगी,
न होती आ़न की शान नामदर्गी ।

❖❖❖

हुस्न पे हवस आज़ाद है
परवरिश ये निगाहें नाकाम है

❖❖❖

न भीतर से आवाज़ उठी,
न पैरों से दोड उठी ।

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

लाईलाज़ है हम
हम पे हमखुदी डालके,
तडपन की आग में चलकर भी
नाकाम है,
भग्न हाथों के शिकार हैं,
हाथों में हाथ फिर भी वेहाथ हैं ।

❖❖❖

चलो अब न ठहरा जाय यहां,
पुकार मेरे मालिक ।
अब रहम कर, इस बेरहमी पर ।
धडकता है दिल,
बेईमानो कि बेखुदी पर

❖❖❖

दर्दे एँ दिल दीवाने
बने रहे ।
गमो से धडकता दिल तब,
बाहे पसारे खडे रहे ।
दर्दे एँ दिल दुवाएँ,
देते रहे ।
तेरी नाकाब निगाहों से
तरबतर बने रहे ।
दर्दे एँ दिल दीवोनें
बने रहे ।

❖❖❖

हमें इश्क हैं तेरे नूर से
हम दीवाने बने बैठें ।

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

दीवानगी की छोड दास्तान,
दुवाँओं की तोड दे रफ़्तार,
ए फ़रिश्ते चल चला चल
रास्ते पे हाथ हज़ार
मिल मिला चल ।

❖❖❖

तेरे इश्क ने दीवाना बनाया मुझे

❖❖❖

बनाया दीवाना तेरे इश्क ने
कि लूंटा दिया सारा जहाँ

❖❖❖

लूट गया सारा जहाँ तेरे लब्ज पर

❖❖❖

हो होशियार ओ हवस,
आया मालिक का बुलावा,
मत कर गुमान तेरी जवानी का,
आई है तो जाएगी,
हैं ख़बर इस राही की ।

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

बिन लकडी जल जाऊँ मैं तो,
बिन पानी भीग जाऊँ।
ओ चंचल मनवा बात तुझे,
कैसे समझाऊँ ?
सूरज - चंदा और सितारे
नभ मंडल में नाचे ।
बिन पायलियाँ चित्त मेरा
नाचे, गाये, छुनकाये ।
भीगे भीगे नयना तेरे,
अगम-निगम समझाये,
बिन शब्द हिया मेरा,
बात कुछ समझ न पाये ।
शब्दों की बौछारें चली,
तब आँखे नींद से भरी,
ओ हृदयनाथ अब आओ,
मंदिर द्वार.....
खोल किवरीयां,
अब रहा न जाय,
अब सहा न जाय,
बात तुझे कैसे समझाऊँ ?

❖❖❖

केवल जीऊँ, केवल समझूँ
न चलुँ अहंकार के साथ ।
सुन के तेरे हर एक शब्द
चखूँ मैं वो मजा,
जो तेरे शब्दो में भरा,
यही मेरे प्राणों की प्यास ।

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

चित बड़ा चंचल मेरा,
न समझे तेरी एक बात ।
किन्तु मेरे प्राणों की प्यास,
पाऊँ केवल तेरा साथ ।
चित्त चंचल, हृदय कठोर
नहीं धारण होगी कोई बात ।
छेद अनेक, गंदगी बेसुमार,
किन्तु चाहुँ मैं तो,
न रहे कोई दाग़,
इस चदरिया माय ।
धर दीनी चदरिया तेरे हाथ,
तू जाने अब तेरा काम ।
नहीं कोई रास्ता मेरे हाथ,
अब बाँह पकड ओ नाथ ।
सुन ले मेरी सारी बात,
न डाल मुझे तू नींद में नाथ ।
यही मेरे प्राणों की प्यास
सुन सकूँ मैं तेरे शब्द अपार ।

❖❖❖

ओ नाथ ।
होकर सनाथ,
मैं ऐसी
क्यों अनाथ ??

❖❖❖

कह दी मैं ने सारी बात,
पाऊँ भरोसो अब तो नाथ ??
हृदय में विश्वास अपार
हाथ ग्रहेंगे मेरा नाथ !!

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

तेरा मेरा नाता पुराना,
फिर क्यों मैं भूली भटकी ?
समझ न आयें कोई बात,
मिलना चाहे मेरे प्राण ।
नित्य निरंजन निराकार के साथ,
चलना चाहें मेरे प्राण,
बाहें पसारे खडी द्वार,
ग्रहो जी अब मेरा हाथ ।
संतों ने कहा,
कर विचार तो पाम
जागूं तब न करुँ विचार ??

❖❖❖

जिने की प्यास
प्राणो में भरी,
किन्तु आँख न मेरी
नींद से खुली ।
व्याकुल प्राण
कहे तुझे बारंबार
हर ले नाथ ये
नींद मेरी ।
ओ नाथ यह प्राणों की पुकार ।

❖❖❖

तुम संग मोहे प्रीत,
नहीं आवे कहने की रीत,
गाऊँ जमना के गीत
नाहूँ गंगा के नीर
कैसे कहूँ ये प्रीत ??

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

सुनी नगरियाँ में बंसी
तू काहे बजावे ?
नहीं कोई गोपी
नहीं कोई गैया,
नहीं जमना के नीर
तू काहे बंसी बजावे ।
ओ गिरधारी, ओ गोपाल
ओ कृष्ण-मुरारी
काहे बजावे, किसको बुलावे,
कछु समझ नहीं आवे,
तू काहे बंसी बजावे ।

❖❖❖

निरालम्ब निराधार न बनुँ,
स्वाधीन बनकर जीऊँ।
जीने का स्वायत्त कर्म करुँ,
चलुँ पथ योगी के ।
धरुँ ध्यान निराकार,
करुँ गान साकार,
रहूँ अलमस्त सदा
नित्य निरंजन निराकार के साथ ।

❖❖❖

पीयु पीयु प्राण पुकारे
अब आओ द्वार हमारे

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

वो लाजवंती शरमा जाती छुने पर
तो पारिजात सेज रचाता फूलों की
हवाँ के झोंको से महेंकती मधुमालती
तो डोलर, चंपा, चमेली, गुलाब की
बात ही क्या कहूँ ?
सच, कुदरत के रंग निराले,
जो जीना आये तो
जीवन के हर एक गीत निराले ।
जो आत्मानंद की मिल जाये झलक
तो सखी क्या ? कछु कहा न जाय
कहा जाय तो, आनंद की अस्खलित धार
आलोक्ति हर श्वास, निजानंद ये आनंद ।

❖❖❖

खो गये, लूट गये
बन गये दीवाने
नहीं बैचैन, नहीं उदास ।

❖❖❖

ऐ मेरी तहज़ीब के नक़ाबों से,
यूँहीं गुजरते चले,
यूँ नहीं तसरीब लाई जाती,
तेरी ब़ंदगीकी आज़ू
मिन्नतें - महाल हो गई
गुलामी की झंझीरो को तोड के
ये निगाहें ख़ामोश हो गई ।

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ये दमकती फिजाओं के जरिये,
ये पनपती निगाहों के छाये में,
ये फ़िज़ूल की बातों के दावों में,
ख़्वाहिश नहीं रहीं अब ख्वाबों की ।
हम ढूंढते चले तेरी राहों को,
तेरी बातों के गहरे पानी में,
हम डूबते चले तेरे शब्बीरों से ।
न उम्मीद, न तडपन दिलोजानों की,
बस यही तन्हाई, यही रिहाई ।

❖❖❖

तू बागवान मैं बगीया,
तू राही मैं रफ्तार,
तू लक्ष मैं लकीर,
तू फ़कीर मैं गँवार ।

❖❖❖

यों नहीं बिजली चमके,
यों नहीं बरखा बरसे,
यों नहीं बादल गरजे,
यों नहीं गंगा छलके.

❖❖❖

हर एक शाम का रंग अनुठा,
हर एक ज़ुबाँ की शान अनूठी,
हर एक सुबह का गीत अनूठा,
हर एक बात का ढंग अनूठा,
अनूठी दुनिया का,
हर ताल्लुक अनूठा ।

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

जवाँमर्दी जो ज़िन्दगी,
फिर दुनिया क्यों दुश्वार ?
ओ ख़ालिक । ओ मेरे मालिक ।
हमें पनाह तेरी,
तेरी रहम निग़ाहों की,
तेरे हाथ पतवार हैं मेरी,
वाकई होगी नैया पार !!

❖❖❖

ओ हुश्न, ओ हुश्न,
युं हीं कटी रैन सारी,
न पलके नैन ।
नहीं जंजीर, नहीं बेडी,
नहीं शान, नहीं शौकत,
अज़ीज प्राणों की,
ग़ुफ्तगू करो यां हांसी,
क्यों रहे अब उदासी ?

❖❖❖

ख़ाक हुई ये ज़िन्दगी
ज़न्नत में गई जान ।
बेकार समय क्यों ग़वाये,
अब न बस की बात ।

❖❖❖

थी कली तब
मुस्कुराती थी,
अब फूल होने पर,
क्यों ख़ामोश बन बैठी ?

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ज़ुर्रत से ज़्यादा
ख़्वाहिश नहीं होती,
उम्मीद से यों
इम्तिहान नहीं होती,
सांझ ढलने पर
बेव़क्तगी नहीं होती,
बन्धु की बन्दगी करने पर,
यों ख़्वाहिश नहीं होगी ।

❖❖❖

उठो चलो करो फितरा
नकली फैज़ पे
नहीं कटेगी ज़िन्दगी ।

❖❖❖

या खुदा,
ज़ाहिर है तेरी खुदाई
सो ही हमने पाई,
नाज़ है ज़िन्दगी पे
युं हीं नहीं ग़वाई ।

❖❖❖

अदा करते हैं,
फरमान गुमराही का,
नहीं उम्मीद, नहीं शिकायत ।

❖❖❖

इसबाबो की ताज़िन्दगी से
वेखुदी ले चले
हम सफ़र बनके हम
हमराही ढूँढने चले ।

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ये ख़ामोश निग़ाहें तेरी,
ज़िस्म में आह । भरती है,
ओ बासिंदा, ओ आलीजाँ पें,
नूर भरती है ।
हवा के हर एक झोंकों पर,
तेरी आहट आती है,
तडपन भी रुक जाये
ऐसी सांस भरती है ।
ऐ दिले - दरिया
क्या कहूँ तुझे,
तेरी याद में,
यूँ ही रात कटती है ।

❖❖❖

बिखर गई है बूंदें सारी,
टूट गाय अब रैन बसेरा,
झूक गये हैं डाली पत्तर,
अपलक हुई मतवारी नैन,
मुखरित प्राण, हुआ निहाल

❖❖❖

चलो मुजरिम का
नफीजा निकल आया ।

❖❖❖

सांझ ढलने को है
बांस बजने को,
होठ हँसने को,
प्यार करने को,
दान देने को हैं ।

❖❖❖

करो इतबार ख़ुदा का
यों नहीं वो ख़ाक छोडे ।

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

१९९५

हवा के झोकों ने रोका ।
दिल की धडकनों ने रोका ।
जमुना की लहरों ने रोका ।
गंगा के गीतों ने रोका ।
भ्रमर के गुंजनों ने रोका ।
बंसी के सूरों ने रोका ।
मस्ती भरी अँखियों ने रोका ।
मंडराते बादलों ने रोका ।

❖❖❖

अरे !!
यूँ नहीं झांको रोशनदान से .....
आओ, अन्दर आ जाओ ..... ।
समा जाओ हर श्वासोच्छवास में ।
आप आयेंगे तो,
जलने लगेंगे ये चिराग,
मह़क उठेगा सारा जहां,
लह़क उठेगा ये मतवार
खिल उठेगी सूनी डगरिया,
पूर्ण होंगे सारे अरमान ।

❖❖❖

कब तक छीपे रहोगे
ओ सावरियां ?
कब तक खोये रहोगे
ओ बालमियां ?
जी तडपत है,
नैना नीर बहावे ।

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

१११७

हर एक डगर को
चूमती चली,
प्यार की बूंद बूंद से,
झूमती चली,
लिये मस्ती का
दरिया सांसों में,
प्रेमनगर की गलियो गलियो में,
बेख़बर बन डूबती चली ।
न रही आह,
न रही प्यास .....
खुद को लूटाकर,
खुदी से खेलती चली ।

❖❖❖

गुलशन में गुल खिल उठा,
अब नहीं सूनी बगीया ।
चक्र भेदकर चली सवारी,
कर गति,
तीव्र-ऊर्ध्व, ऊर्ध्व-तीव्र ।
चढ ऊपर मदमस्त भये,
प्राण डोले संग पियु के ।
मन-मीत हुआ नवनीत,
धुल मिल गया तुझमें,
बन गया अब तुझरंगी ।

❖❖❖

खूब हंसाया, खूब रुलाया,
तेरे दर पे आ बैठे,
अब क्या हँसना, क्या रोना ?

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

समझ न पायें हम
इस ज़हान की जन्नत को
ताज़िन्दगी का चखा मझा तो
मिन्नते - आरज़ू बेकाम हो गई ।

❖❖❖

जल उठी है लौ
अब अंधेरा टिक न पायें ।
खुल गयीं किवरियाँ,
अब तूफां रोक न पाये ।
दीवानें बने बैठे,
मस्ताने बने बैठे ।
अब प्रारब्ध की लकीरें,
हिला न पाये,
डिगा न पाये ।
जुड गया सारा जहां,
मुड गया साया,
तेरे थे हम,
तेरे बने रहें ।

❖❖❖

अत्फ़-लत्क़ की छोड लकीर,
बन फ़क़ीर मस्ती का ।
चल खुदी की राहों में
बेख़बर-बेतलाश बन,
चुम ले उन बाहों को ।

❖❖❖

अल्लाह तेरी निगाहें परवर से
रुहानी ताकात बढ गई
सुनी बगीया में बहार आ गई

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

उलफ़ते आरज़ू ख़ामोश हो गई,
वंदा के बुलाने पर नाकाम हो गई .....
फ़िज़र हुआ तब फ़िज़ाएँ झुक गई
इत्र की बू से हालात
महाल हो गई ..... उलफ़ते
हमने पूछा ज़मीर से,
मिन्नत करके
बेख़बर बने थे, हम,
मस्ती में झुम के,
समझ आया ज़ुबां खुल गई,
मुआफ हो गया ..... उलफते आरज़ू

❖❖❖

अग़र तेरी रहेमत के काबिल हो तो,
हमारे ग़ुन्हा माफ़ कर देना
अग़र तेरी ख़िदमत के काबिल हो तो,
हमे ख़िदमत का मोका देना ।
अगर हमारा प्यार मंज़ुर हो तो,
हमें अपनी निग़ाहों में बसा लेना ।

❖❖❖

पयगम्बर का पैगाम आया,
ख़ुशीयों की फुर्वार लाया ।

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

न होती तमन्ना दिलमें
न होती आरझु मन में
न होती प्यास प्राणो में
तो नहोता गम दुनिया में

❖❖❖

चल ले लेते हैं मझा साथ ज़ीकर/रहकर
है ज़िंदगी चार दिनकी
न जाने तुम कहाँ होंगे
न जाने हम कहाँ होंगे
चल ले लेते हैं मझा साथ ज़ीकर

❖❖❖

ओ परवर दिगार
तेरी परवरीश से
न रहा कहीं ग़म
न आँसु

❖❖❖

रहीम की रहेमत हमे
ज़हान में जीना सीखा गई
रुहानी ताकात बढा गई

❖❖❖

दुआ करते है परवरदिगार को
उनकी निग़ाहे परवर बनी रहे हरदम
रुहानी ताकात बढ़ती रहे हरदम
उनकी रहेमत का कबिरा
मिलता रहे जहान को हरदम

❖❖❖

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પરમ તત્ત્વ છે સત્ત્વ આપણું,
અસ્થિ-માંસથી ઢંકાયેલું;
મરણધર્મી હો તનુ ને પ્રાણ,
પણ શરણધર્મી ચૈતન્ય આપણું.

શિવ જાતા શવ તનુ બને છે,
અગ્નિને સોંપવી પડે છે.
वायुः अनिलं अमृतम्,
अथ इदं भस्मान्तं शरीरम् ।

-વિમલા ઠકાર
૭-૧૨-૯૯

Dr. Urmila Sharma Collection, Varanasi